નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી
ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે
1,2,3 & 4 BHK ભાડેથી મળશે
બુકિંગમાં 2 BHK અને 3 BHK
સારા એરિયામાં મળશે
તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ,
દેવીદયાલ રોડ, સર્વોદય નગર,
તાંબેનગર 2 અને 3 BHK મળશે
ઓબેરોયમાં 3 અને 4 BHK
વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૨૭ ● સળંગ અંક : ૧૩૪૩ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૪ જુલાઈ – ૩૦ જુલાઈ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦



# ક્લાસિફાઈડ્સ

## ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર
બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર,
વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).
સંપર્ક : 9322257731
gurjarmat@gmail.com
www.facebook.com gurjarmat
www.gurjarmat.com

### ખાસ નોંધ

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

### Display Advt. Rates

**First colour Page** Rs.40/- Per Sq.cm.
**Last colour Page** Rs.32/- Per Sq.cm.
**Inner Colour Page** Rs.24/- Per Sq.cm.

## શૈક્ષણિક

**French Classes**
I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

**English Grammar Tuitions Board: ICSE/CBSE**
Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## મહિલા માટે

**1+1 Free**
બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**
૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

## નોકરી સંબંધી

Wanted Office Assistant and Peon, Location Mulund East. Contact : **9892663947** 6714 (1345)

**મેડીક્લેઈમ પોલીસી**
ફેમીલી ફ્લોટર મેડીક્લેઈમ પોલીસી ૫ લાખથી ૧ કરોડ ઉંમર ૦ થી ૭૫ વર્ષ મેડીકલ રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ સાથે પોર્ટેબીલીટી મળશે. વધુ વિગત માટે **દીલીપભાઈ-91366 21227** 6711 (1343)

Job in Insurance Sector
Call : 9773661090

## જગ્યા સંબંધી

**COMMERCIAL PREMISES ON LEASE RENT**
2200 sq.ft. Carpet, Ground Floor, Wide Frontage (28 ft.), 24 Hours Water Supply with Self Contained, available for Rental on Lease.
**-: Ideal for :-**
Bank (with Strong Room), Restaurant, Classes, Super Market, Pathology Lab, Nursing Home.
Address : 1 & 2, Vasudha Building, B.P.S.Road, Mulund (West), Mumbai - 400 080.
**Call : 8097210000 / 8422970234**

**Oberoi Eternia**
3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1384)

**Oberoi Enigma**
3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1384)

**શ્રી એસ્ટેટ એજેન્સી**
ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

વનરૂમ કીચન (વનબેડ બનેલુ) 72, 80 કાલીદાસ નજીક વનબેડ 90,130,145/૨ બેડ જે.એન.રોડ ફર્નિશ્ડ 160 (145 સુધી શક્યતા) ૩ બેડ 185 દેવીદયાલ ક્રોસ રોડ, ડબલ રૂમ લીફ્ટ 42 લાખ/ઈન્ડ.ગાળા 2500-270, 1135-180/દુકાન વેચાણથી 250 ફૂટ 250 સ્ટેશન નજીક/કમર્શીયલ, રેસીડન્સી ભાડે લેવા આપવા તેમજ ફાયદાથી ઘણા ઓપ્શન છે? વેચાણ બ્રોકરજ ૧% ભાડે મીનીમમ ૧ મહિનાની. **સંપર્ક : અતુલ કતીરા - 98211 80931, 87794 41915** 131 (1382)

## જગ્યા સંબંધી

મુલુંડ વેસ્ટ સર્વોદય નગર મણિભદ્ર ટાવર 2 BHK એરીયા ૭૦૦ કાર્પેટ વેંચાણ માટે. રૂણવાલ પ્રાઈડ આર.મોલ પાછળ, 2 BHK ૭૦૦ કાર્પેટ. **નિલેશ : 9323901171, 8779897074** 6299 (1346)

**FOR SALE**
2 BHK Flat, Carpet 656 sq.ft, garden facing, Near Vaishali Nagar Mulund West, Call : **9821254591** 407 (1346)

**4 Wheeler For Sale**
Maruti Zen Estilo (2007 model, 4th seller), RC Passing till 2028, 2 new Tires (Jan 2024), New battery (Feb 2024), Insurance, Tax and PUC paid and running AC very good cooling. **9821180931, 8779441915** 409 (1343)

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો**
**મેળાપથી હસ્તમેળાપ સુધી**
ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પૂરી કરો. 1227 (1376)

**જ્યોતિષશાસ્ત્ર**
૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.
**સમીર સેજપાલ**
(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : 98192 98404 (એપોઈન્ટમેન્ટ જરૂરી)

## ધંધાકીય

**કવર! કવર!! કવર!!!**
ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 642 (1352)

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 09730402879, 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**
જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબીડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 1091 (1344)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**
૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

**વોશીંગ મશીન રીપેરીંગ**
શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

**Jainam Publicity**
પેપરોમાં મરણનોંધ, શ્રદ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 257 (1348)

**RVS Pest Control**
Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** (1363)

**મામલ ફુડસ**
કચ્છની મીઠી લાલ-પીળી ખારેક, બાજરાનો લોટ, પેંડા, સાટા, પકવાન. સંપર્ક : **86938 35501** 063 (1354)

Follow us on /gurjarmat

## ધંધાકીય

**મુલુંડ વેસ્ટમાં જેન્ટસ વેરનું બમ્પર સેલ સેલ સેલ**
પ્લસ સાઈઝની કોટન પેન્ટની અઢળક વેરાયટીઓ જોવા ખાસ પધારો. હોલસેલ ભાવમાં રીટેલ જેન્ટસ વેરમાં બ્રાન્ડેડ ફેબ્રીકમાં કોટન પેન્ટ, હોઝીયરી ટ્રેક પેન્ટ, બર્મુડા, જીન્સ (28 to 50), શર્ટ, ટી-શર્ટ (M to 8 XL) સાઈઝમાં અનેક વેરાયટીઓ ઉપલબ્ધ. ઓફર શર્ટ રૂા.300/-થી શરૂ. સિલેક્શન મેન્સ વેર, ગાલા નં.૫૪, રાજા ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. સમય ૧૦ થી ૭. સોમવાર બંધ. **સંપર્ક : દીપેન ભેદા- 9137501277** (1341)

## ટુર અને ટ્રાવેલ્સ

**પિતૃ તર્પણ**
સિધ્ધપુર અને ગયાજી (બિહાર) સપ્ટે, નવેમ્બર પેકેજ. **ઉદય ડી.જોષી** (નખત્રાણા-કચ્છવાળા) **9324615113** 6292 (1348)

*તાપણું બની*
*આવ, એકલતા છે*
*કડકડતી.*

*સાંકડી નદી,*
*પ્રીતને કારણે ત્યાં*
*દેખાયું પૂર.*

*કેન્સર : કોઈ*
*જીતે તો કોઈ હારે*
*જંગ ખૂબીનો.*

*યોગ-વ્યાયામ*
*શ્વાસના સફરની*
*આયુ વધારે.*

**હાઈકુ**



કવિયત્રી
મંજુલા રાંભિયા

**જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ**

રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.

**હેતલ શાહ**
**98210 59549**

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26




વર્ષ : ૨૭ ● અંક : ૨૭ ● સળંગ અંક : ૧૩૪૩ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૪ જુલાઈ - ૩૦ જુલાઈ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦




ચાલો જન્માષ્ટમી ઉજવીએ....
ગુર્જરમાત પ્રસ્તુત
શ્રી કૃષ્ણ લીલા
(દ્વિતીય વર્ષ)
સ્પોન્સરશીપ તેમજ જાહેરાતો આવકાર્ય
મંડળો તેમજ સંસ્થાઓને પ્રથમ પસંદગી
હિના ઠક્કર અને સાથી કલાકારો સંગે ગીત, સંગીત અને નૃત્યના સથવારે
સોમવાર, તા.૨૬ ઓગસ્ટ, રાત્રે ૯.૦૦ કલાકે
કાલિદાસ નાટ્યગૃહ, મુલુંડ (વેસ્ટ).
સંપર્ક : 9322257731 • 9769305488
OUR SPONSORS
H.R. JANTA
URMIL SHAH (GOGRI)
AUTOMOTIVE SOLUTIONS
BUY | SELL | SERVICE
PRE-OWNED CARS
MAHIZ TRENDZ
BY: MALVI SHAH
Complete fashion solution
શ્રી માં ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ-નરા (કચ્છ)
OM FREIGHT FORWARDERS PVT. LTD.
IN TIME TOURS
આઈડીયલ હોમ વેલ્ફેર ચેરિટેબલ ટ્રસ્ટ
અન્નદાન – મહાદાન
@ હેપી ફીઝ
સંપર્ક : 79771 17894
માતુશ્રી મણીબેન જેરામ પોપટ પરિવાર
મોટી ભાડઈ(માંડવી-કચ્છ)
J.M. Kothari & Sons
Stitch-Ell
GENT'S BOUTIQUE

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

New Arrival
Bombay Dyeing Cotton Kurti
Best Quality & Print
- XL & 2 XL 250/-
- 3 XL & 5 XL 300/-
- Ladies max Brand Penti XS to XXL 3 for 150/-
- M to 10 XL Kurti, Western Top & Gaun, Crochet 3 top 500/-

Hemangi Dedhia - 9987897979

વર્ષ : ૨૭ ● અંક : ૨૭ ● સળંગ અંક : ૧૩૪૩ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૪ જુલાઈ – ૩૦ જુલાઈ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st July - 31st December 2024

STAMP FRANKING Now Available

With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative

TRADE LOAN
LOAN AGAINST PROPERTY
MORTGAGE LOAN
COMMERCIAL (CRE)LOAN
*8.49% (p.a.)
HOUSE REPAIR
PRE OWNED CAR LOAN
MACHINESE LOAN
COMFORT (CONSUMER DURABLE)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank

Manav Ethnic
BY RUSHI GADA
Zaver Road, Mulund West

# ANNOUNCEMENT

It is with heavy heart that we announce our last day of business will be on **31st July, 2024.**

We would like to thank our loyal staff & customers over the years for making us a part of your lives and thank you for all of the kind words and patronage that you have extended to us.

## Stock Clearance Offer

Suits / Sherwani / Indowestern
**₹ 5000/- flat**

All Kurta Set & Jackets
**50% off**

All Fabrics
**40% off**

Mob.: +91 87796 80521 | www.manavethnic.com

Showroom No. 1-4, Kala Sagar Building, Near Jain Mandir,
Zaver Road, Mulund (W), Mumbai - 400080.

પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન – મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ • અંક : ૨૭ • સળંગ અંક : ૧૩૪૩ • મુંબઈ • બુધવાર • તા.૨૪ જુલાઈ – ૩૦ જુલાઈ ૨૦૨૪ • કુલ પાના : ૨૪ • કિંમત રૂ.૫.૦૦

### ઈન્કમ ટેક્સમાં રાહત, શિક્ષણ, રોજગાર, ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને સંરક્ષણ નિકાસને ઉત્તેજન

# સર્વાંગી વિકાસનું લક્ષ્ય ધરાવતું ફૂલગુલાબી બજેટ




નાણાપ્રધાન નિર્મલા સીતારમણે મંગળવારે ૨૩ જુલાઈએ તેમનું વિક્રમજનક સતત સાતમું બજેટ રજૂ કર્યું.૧ કલાક ૨૩ મિનિટના તેમના ભાષણમાં તેમનું લક્ષ્ય શિક્ષણ, રોજગાર, ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને સંરક્ષણ પર હતું. આ બજેટમાં અપેક્ષા મુજબ નોકરિયાત વર્ગને આવકવેરામાં થોડી રાહત મળી છે. ૭.૭૫ લાખ સુધીની આવક હવે નવી કર વ્યવસ્થા પસંદ કરનારાઓ માટે કરમુક્ત થઈ ગઈ છે. એટલે કે તેને ૧૭.૫ હજાર રૂપિયાનો નફો થયો છે.નવી ટેક્સ વ્યવસ્થા હેઠળ હવે ૩ લાખથી ૭ લાખ રૂપિયાની આવક પર ૫ ટકાના દરે ટેક્સ ચૂકવવો પડશે. તેના સ્લેબમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે.

(અનુસંધાન ૨૨મા પાને)

શ્રી વિમલ એસ્ટેટ
2 BHK ગૌશાળા રોડ નવા ટાવરમાં, 676 કારપેટ વેચાણાર્થે
8104009694
9819864456

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
1 BHK ઝવેર રોડ, ફુલ્લી ફર્નિશ્ડ વેચવાનો છે, 475+ કારપેટ 1.39 કરોડ (નેગોશિયેબલ)
8169222044



Sangeet | Reception | Gala Night | Haldi - Mehendi
Lagna Lakhan | Wedding | Social & Religious event

80 to 800 capacity | Ample Parking | 2 mins. walk (Mulund Rly.Stn)

Luxurious Decor | Finest Caterers on board

"Introducing all inclusive banquet packages!"

To know more +917532060708

THE PALACE BANQUETS
Most Loved Banquet 4.5/5



Promise to stay together my love, eternally!

WEDDING PACKAGES
TO SUIT ALL YOUR REQUIREMENTS
Celebrations with Best Venue & Menu • 10 AC Halls • Valet Parking
Events & Decorations all under one roof • No hidden charges

BOOK YOUR DATES NOW

HOTEL Tip Top PLAZA
ROOMS • RESTAURANT • BANQUETS

Trust meets Tradition
L.B.S. Marg, Near Teen Hath Naka,
Thane (W), Tel.: 80822 33333/022 6793 5516
www.hoteltiptopplaza.in • info@hoteltiptopplaza.in
T&C apply

# જૈન સોશ્યલ ગ્રુપ-મુલુંડ દ્વારા હૃદયસ્પર્શી નાટક ‘મા’ યોજાયું

## જૈન સોશ્યલ ગ્રુપ-મુલુંડનો આગામી કાર્યક્રમ ૨૮ ઓગસ્ટ દિને

જૈન સોશ્યલ ગ્રુપ - મુલુંડ દ્વારા પ્રસ્તુત સુંદર મજાનું મા અને દીકરાના વ્યવહારને ટચ કરતું હૃદયસ્પર્શી નાટક ‘મા’ દરેક સભ્યોએ તાળીઓના ગડગડાટથી માણ્યું. મુલુંડમાં પ્રથમ વખત આવા સુંદર નાટક આપવા બદલ ગ્રુપ સિવાયના આવેલ સંસ્થા તેમજ મહેમાનોએ એક કંઠે પ્રશંસા કરેલ છે. ફરી ફરી આવા સરસ કંઈક મેસેજ આપતા નાટકો તેમજ પ્રોગ્રામો આપવા તેવી વિનંતી સાથે ચા-કોફી પણ માણી.

ગ્રુપનો આગામી પ્રોગ્રામ બુધવાર, તા. ૨૮ ઓગસ્ટના રોજ ન જોયેલું, ન માણેલું સુપરડુપર હીટ નાટક-એકલવ્ય રાખેલ છે. આ નાટક જોવાનું ચૂકશો નહીં. ગ્રુપમાં હજુ પણ સભ્ય થનારને ડિસ્કાઉન્ટ સાથે આમંત્રણ છે. આ ગ્રુપમાં મેમ્બર્સ થવું એ એક સમાજમાં પ્રતિષ્ઠા છે. સંપર્ક: પ્રમુખ- જયંતીલાલ મૈશેરી : ૯૮૧૯૭ ૪૮૨૫૦,





# લેપ્ટોસ્પાયરોસિસના પ્રસાર રોકવા મનપાએ ૨.૪૦ લાખ ઉંદરોનો ખાત્મો કર્યો



ચોમાસાના ચાર મહિના દરમિયાન સામાન્ય રીતે લેપ્ટોસ્પાયરોસિસના કેસમાં વધારો થતો હોય છે. ઉંદરના મળ-મૂત્રથી ફેલાતા લેપ્ટોને રોકવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ કમર કસી છે. લેપ્ટોને ફેલાતો રોકવા માટે ઉંદરનો ખાતમો જરૂરી છે, જે અંતર્ગત હાથ ધરેલી ઝુંબેશ હેઠળ જાન્યુઆરીથી જુલાઈ સુધીમાં ૨,૩૯, ૫૨૭ ઉંદરોને મારી નાખવામાં આવ્યા છે.

ચોમાસામાં ભારે વરસાદ દરમિયાન રસ્તાઓ પર ઠેર-ઠેર પાણી ભરાઈ જતા હોય છે. આ પાણીમાં ઉંદરના મળ-મૂત્ર પણ ભળતાં હોય છે. આવા ગંદા પાણીમાં ચાલનારી વ્યક્તિને જો પગમાં જખમ હોય તો તેને લેપ્ટોસ્પાય- રોસિસનો ચેપ લાગવાની શક્યતા છે. તેથી પાલિકા લેપ્ટોનો ચેપ ફેલાતો રોકવા માટે ઉંદરોને ખાતમો બોલાવતી હોય છે. દિવસના સમયે ઉંદરને પકડવું અને મારવું મુશ્કેલ હોય છે. મોટાભાગે રાતના સમયે ઉંદરોને પકડીને મારવામાં આવતા હોય છે. લેપ્ટોને નિયંત્રણમાં લાવવા માટે પાલિકાના માધ્યમથી અનેક પ્રતિબંધક ઉપાય યોજના અમલમાં મૂકવામાં આવતી હોય છે, જેમાં ચોમાસામાં ઉંદરોના ત્રાસને રોકવા માટે જે સ્થળે આવશ્યક હોય ત્યાં ઝેરી ગોળીઓ મૂકીને, રાતના સમયે પિંજરા મૂકીને ઉંદરને પકડીને મારવામાં આવતા હોય છે.






# જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ દ્વારા દાસ્તાનગોઈની અનોખી પ્રસ્તુતિ મન ભાવન થઈ રહી



જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ દ્વારા ‘વાર્તા રે વાર્તા’ દાસ્તાનગોઈ નામનો વિશિષ્ટ કાર્યક્રમ પહેલીવાર મુલુંડમાં તા.૨૨ જુલાઈ સોમવારના કાલિદાસ ઓડિટોરિયમમાં આયોજીત કરાયો. ભાવનાઓથી ભરપુર કલાકારો દ્વારા વાર્તાઓ રજુ કરવામાં આવી. આ દાસ્તાનગોઈનો આનંદ સૌ કોઈએ માણ્યો અનોખા અંદાજમાં રજૂ થયેલું ભાવના યુક્ત હૃદયસ્પર્શી વાર્તાઓની રજૂઆત સૌના દિલ જીતી લીધા. દરેક કથા-કથનમાં રંગીનલ અને અવસરની ઝલક ઝળકી આ કાર્યક્રમની યાદો સૌને મનભાવતી અને ભાવસભર યાદગાર બની રહી હતી. સાથે ગરમા ગરમ નાસ્તાનું આયોજન રાખેલ હતું.

# હરિપ્રબોધમ આત્મીય યુથ ગ્રુપ દ્વારા સંતોના સાંનિધ્યમાં ગુરૂપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો







હરિપ્રબોધમ આત્મીય યુથ ગ્રુપ દ્વારા શુક્રવાર તા.૧૯ જુલાઈ રોજે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મ ગુરૂ પ.પૂજ્ય પ્રબોધજીવન સ્વામીજીના દિવ્ય સાંનિધ્યમાં ગુરૂ પૂર્ણિમા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું.

આ મંગળકારી અવસરે સંતો પૂજ્ય હરિપ્રિય સ્વામીજી, પૂજ્ય સર્વમંગલ સ્વામીજી, પૂજ્ય નિરંજન સ્વામીજી એવમ સંત મંડળની પધરામણી ''આર આર બેંન્કવેટ હોલ'' મુલુંડ (ઇસ્ટ) ખાતે થઈ. આશરે ૨૫૦૦ ભક્તો આ મહામંગલકારી ઉત્સવમાં સહભાગી થયા અને સંતોની વાણીનું અને મહાપ્રસાદનું લાભ લીધું.





આ ઉત્સવમાં લોક લાડીલા સાંસદ સંજય દીના પાટીલ, અશોક કેશવ વાલમ (રાષ્ટ્રીય અધ્યક્ષ બલિરાજા સેના), બને શેઠ (પરાગ સ્કૂલ ઓનર), મગનભાઈ ઠક્કર થાણા વાલા, (રાષ્ટ્રીય ઉપપ્રમુખ, અખિલ ભારતીય ગુજરાતી સમાજ) કૌશિક કમલાકર પાટીલ (મહામંત્રી બીજેપી યુવા મોર્ચા), એસીપી રવીન્દ્ર દળવી સાહેબ (મુલુંડ), સિનિયર પી.આઇ. મદન પાટીલ સાહેબ મુલુંડ (ઇસ્ટ), પુરૂષોત્તમભાઈ પુંજાણી જેવા સમાજના ઈત્યાદી સહભાગી થયા હતા. ગીરીશભાઈ કોઠારી દ્વારા હોમ કેબલ પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. હરિપ્રબોધમ એ વાય જી યુટ્યુબ ચેનલ પર પણ લાઈવ પ્રસારણ કરવામાં આવ્યુ હતુ. મનીષભાઈ શાહ અને કાર્યકર્તા ભાઈઓએ પ્રોગ્રામનું આયોજન કર્યુ હતું.



Nikita Yadav
Mob.: 7021817988
NIKITA MEHENDI
Indian Mehendi
Arabic Mehendi
Floral Mehendi
Home Service Available

PART TIME JOB
A REPUTED MNC REQUIRE
Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+ PF + Medical + Foreign Tour
Call: 98199 11819

श्रीपोलीन पोली तारपोलीन
Manufacture Since 1981
श्री TARPAULINS
100% वॉटर-प्रुफ तालपत्रीयाँ
बारीश आया तैयार हो जाओ !!!
तालपत्रीयाँ की फॅक्टरी

• Black Plastic • Nylon Ropes • Agro Shed Net • PVC Coated Tarpaulins
Shree Tarpaulins Industries
Exclusive Brand Factory Outlet
MULUND 9820230600 / 700 / 800
VASHI - NAVI MUMBAI 9819633397 / 98
GHATKOPAR - ASALFA 9833722191 / 92
GIDC,VAPI - 9426143485 9925138209 / 10
ShreeTarpaulinIndustries shreetarpaulins
www.shreetarpaulins.com • Email: shreetarpaulins@gmail.com

SALE
25TH JULY TO 4TH AUG
11 TO 7
Our much awaited Annual Monsoon Sale is here!
Offering discounts on exclusive collection of Kasab, Zik kasab,Batkasab, Aari, Pita,Parsi Resham work, Bandhani, Patola, Banarasi, Embroidered Sarees,Borders, Chaniyacholis and more.
Sunday open during Sale.
જ્યોતિ
Since 1976
SCAN ME FOR LOCATION!
28,GANI MANSION, SHOP NO.1, BEHIND ARORA THEATRE, C.P.VORA MARG, KING'S CIRCLE, MATUNGA (E),MUMBAI-19
8369252836/24043995



## મુલુંડ કોંગ્રેસ દ્વારા મલ્લિકાર્જુન ખડગેના જન્મદિવસની ઉજવણી

મુંબઈ પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ ચરણસિંહ સપ્રાના માર્ગદર્શન હેઠળ બ્લોક નં. ૧૦૮ના પ્રમુખ વિઠ્ઠલ સાતપુતે દ્વારા મુલુંડમાં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોમાં નોટબૂકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ફેરીવાલાઓએ ગુરૂવારે મુલુંડમાં જડબેસલાક બંધ પાળ્યો

‘મનપા કર્મચારીઓ અને ફેરીવાલાઓ વચ્ચેની સતત સંતાકૂકડી રમતથી તંગ આવી સમગ્ર મુંબઈનાં ફેરીવાલાઓએ મનપા દ્વારા તેમની સતામણીના વિરોધમાં ગુરૂવાર, તા.૧૮ જુલાઈના રોજ બંધનો આદેશ આપ્યો હતો.

ફેરીવાલા સંઘના બંધના આદેશને પગલે મુલુંડમાં પણ જડબેસલાક બંધ રહ્યો હતો અને મુલુંડ માર્કેટ તેમજ મુલુંડ કોલોની જેવા દૂરદૂરના વિસ્તારમાં પણ એક પણ ફેરીવાલાએ ધંધો લગાવ્યો ન હતો.

સમગ્ર મુંબઈના ફેરીવાલાઓએ આઝાદ મેદાન ખાતે એકત્રિત થઈને મનપા કમિશ્નરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. એ જ રીતે મુલુંડ પોલીસ સ્ટેશનમાં પણ ફેરીવાલાઓએ આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.



મુલુંડમાંથી રોહિદાસ દેવાડેના નેતૃત્વ હેઠળ આશરે ૨૫૦ ફેરીવાલા મુલુંડથી આઝાદ મેદાનમાં થયેલ રેલીમાં પહોંચ્યા હતા.

શુક્રવાર, તા. ૧૯ જુલાઈના રોજ મુલુંડ ટી વોર્ડ ખાતે યોજાયેલી મિટીંગમાં ખાસદાર સંજય પાટિલએ હાજરી આપી હતી અને ફેરીવાલાઓની માંગ સાંભળી હતી જેમાં ફેરીવાલા કોણ પાત્ર અને અપાત્ર છે તેનો નવેસરથી સર્વે કરવો, મુલુંડની જનસંખ્યાના આધારે અઢી ટકા ફેરીવાલા હોવા જોઈએ.

મુલુંડ હોકર્સ સંઘના પ્રમુખ રોહિદાસ દેવાડેએ ફેરીવાલાને એક જ લાઈનમાં બેસવા માટે અપીલ કરી છે.

આઝાદ મેદાન ખાતે યોજાયેલી સમગ્ર મુંબઈના ફેરિયાઓની વિશાળ સભાને રાજ્ય સમન્વયક ગુરૂનાથ સાવંત અને કાર્યકારિણી સદસ્ય દયાશંકર સિંહએ સંબોધિત કરી હતી.

# હવે મુલુંડમાં હીટ-એન્ડ-રનની બની ગોઝારી ઘટના

### બેફામ સ્પીડમાં ઓડીએ બે રિક્ષાને ટક્કર મારી ચારને ઘાયલ કર્યા

મુંબઈમાં લક્ઝરી કાર્સ દ્વારા હિટ-એન્ડ-રનનો સિલસિલો જારી જ છે. વરલી બાદ હવે મુલુંડમાં એક હિટ-એન્ડ-રનની ઘટના સામે આવી છે. સોમવાર તા. ૨૨ જુલાઈના મુલુંડમાં એક અતિશય સ્પીડથી આવતી ઓડી કારે બે રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી અને બંને રીક્ષાના ડ્રાઈવર અને બે પ્રવાસીઓ સહિત ચાર લોકોને ઘાયલ કર્યા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે તેમાંથી એક પ્રવાસીની હાલત ગંભીર છે. રિક્ષાઓને પણ ખૂબ નુકસાન થયું છે.

મુલુંડમાં દારૂના નશામાં ઓડી કાર પૂરપાટ વેગે દોડાવી રિક્ષાને અડફેટે લેનારા આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં તેની બહેનના ઘરેથી પકડી પાડ્યો હતો. કારની ટક્કરથી એક રિક્ષા બીજી રિક્ષા સાથે ભટકાઈ હતી, જેને કારણે બન્ને રિક્ષા ડ્રાઈવરઓ સહિત ચાર જણ ગંભીર રીતે ઘવાયા હતા.

મુલુંડ પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની સવારે ૦૬.૧૫વાગ્યાની આસપાસ મુલુંડ પશ્ચિમમાં ડમ્પિંગ રોડ ખાતે બની હતી. આ કેસમાં આઈટી કંપનીમાં કામ કરતા






વિજય દત્તાત્રેય ગોરે (૪૩)ની ધરપકડ કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે દારૂના નશામાં આરોપીએ કાર બેફામ હંકારી હતી, જેને કારણે તેણે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર સામેથી આવેલી રિક્ષા સાથે ટકરાઈ હતી. પછી એ રિક્ષા બીજી રિક્ષા સાથે ભટકાઈ હતી. એક રિક્ષામાં હાજર બે પ્રવાસી સહિત ચાર જણ ઘવાયા હતા. અકસ્માત બાદ આરોપી કાર ઘટનાસ્થળે જ છોડી ફરાર થઈ ગયો હતો.

બનાવની જાણ થતાં મુલુંડ પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જખમીઓને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં સારવાર બાદ તેમની તબિયત સુધારા પર હોવાનું કહેવાય છે.

ઓડી કારમાંથી પોલીસને મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જેને આધારે પોલીસે તપાસ કરતાં આરોપી કાંજુર માર્ગ પશ્ચિમમાં રુણવાલ ફોરેસ્ટ ખાતે રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ આરોપીના ઘરે પહોંચી ત્યારે તેના ઘરને તાળું લગાવેલું હતું. તપાસ બાદ કાંજુર માર્ગ પૂર્વમાં રહેતી બહેનના ઘરેથી આરોપીને તાબામાં લેવાયો હતો.

મુલુંડની જનરલ હોસ્પિટલમાં આરોપીની તબીબી તપાસ કરાવાઈ હતી. તેના મોંમાંથી દારૂની વાસ આવતી હોવાની તબીબી અહેવાલમાં ખાતરી થઈ હતી. આરોપીના લોહીના નમૂના વધુ તપાસ માટે કલિનાની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.






# અર્થવ્યવસ્થાના વિવિધ ક્ષેત્રોને ઉત્તેજન આપતું વિકાસલક્ષી બજેટ




છેલ્લા કેટલાક દિવસોથી જેના વિષે ખૂબ ચર્ચાઓ થઇ રહી હતી તે મોદી સરકાર ૩.૦નું પ્રથમ બજેટ નાણાપ્રધાન નિર્મલા સીતારામને મંગળવાર, તા. ૨૩ જુલાઈના સંસદમાં રજૂ કર્યું. જોકે શેરબજાર બજેટની અમુક બાબતો અંગે સ્પષ્ટતા ન હોતાં બજેટ પછી નેગેટીવ ઝોનમાં ગયું હતું છતાં કહેવું પડે કે નાણાપ્રધાન દ્વારા આ બજેટમાં ખેડૂતોને ટેક્નોલોજી મળે, યુવાનોને રોજગાર યોગ્ય શિક્ષણ અને કૌશલ્ય મળે, નોકરીયાત મધ્યમ વર્ગને આવકવેરામાં રાહત મળે, નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને ઉત્તેજન મળે, સંરક્ષણ (ડિફેન્સ) સાધનોના ઉત્પાદન અને નિકાસને વેગ મળે તે અંગે પ્રમાણિક પ્રયત્નો કરીને એકંદરે વિકાસલક્ષી બજેટ આપવામાં આવ્યું છે. આ બજેટ નવા મધ્યમ વર્ગના સશક્તિકરણ માટે છે. આ બજેટથી યુવાનોને અસંખ્ય તકો મળશે. બજેટથી શિક્ષણ અને કૌશલ્યને નવો આયામ મળશે આ બજેટથી મહિલાઓ, નાના વેપારીઓ અને ખજખઉને મદદ મળશે તેથી આ બજેટ નવી ઉર્જા લઈને આવ્યું છે એમ કહી શકાય.

આ બજેટમાં પ્રવાસન ક્ષેત્ર પર પણ ફોકસ કરવામાં આવ્યું છે. ટેક્સ ઘટાડવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે અને ટીડીએસ નિયમો પણ સરળ કરવામાં આવ્યા છે. રાજમાર્ગો અને પાણી અને પાવર પ્રોજેક્ટના નિર્માણ દ્વારા પૂર્વીય ક્ષેત્રમાં વિકાસને ઝડપી બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ખજખઊત માટે, ધિરાણની સરળતા વધારવા માટે એક નવી યોજના બજેટમાં જાહેર કરવામાં આવી છે. આ બજેટમાં નિકાસ અને મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમને દરેક જિલ્લામાં લઈ જવાની જાહેરાત કરવામાં આવી છે. આ બજેટ સ્ટાર્ટઅપ્સ અને સ્પેસ ઈકોનોમી માટે નવી તકો લઈને જેથી ભારત ઝડપથી વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ગતિ કરશે એમ જણાઈ રહ્યું છે.

આ વખતે બજેટમાં યુવાનોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.સરકાર ૫૦૦ ટોચની કંપનીઓમાં ૧ કરોડ યુવાનોને દર મહિને ૫૦૦૦ રૂપિયાનું ઇન્ટર્નશિપ ભથ્થું અને ૬૦૦૦ રૂપિયાની એક વખતની સહાય સાથે ઇન્ટર્નશિપ પ્રદાન કરવાની યોજના શરૂ કરશે જેથી બેરોજગારીની સમસ્યા હળવી થશે. શિક્ષણ, રોજગાર અને કૌશલ્ય વિકાસ માટે બજેટમાં ૧.૪૮ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને સસ્તી લોન આપવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને મોડલ સ્કીલ લોન પણ આપવામાં આવશે. સરકાર દર વર્ષે ૧ લાખ વિદ્યાર્થીઓને સીધા ઈ-વાઉચર્સ આપશે, જેમાં લોનની રકમ પર ૩ ટકા વ્યાજ સબસિડી હશે. ૭.૫ લાખ સુધીની લોનની સુવિધા આપવા માટે આદર્શ કૌશલ્ય લોન યોજનામાં ફેરફાર કરવામાં આવશે. સરકાર સ્થાનિક સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણ માટે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન માટે નાણાકીય સહાય પણ આપવા જઈ રહી છે. EPFO સાથે પ્રથમ વખત નોંધાયેલા કર્મચારીઓને એક મહિનાના પગારનોસીધો લાભ અનુદાનરૂપે મળશે. ત્રણ હપ્તામાં, રૂા.૧૫,૦૦૦ સુધી પાત્રતા મર્યાદા રૂા.૧ લાખ પ્રતિ માસ પગાર હશે. આ યોજનાનો લાભ ૨૧૦લાખ યુવાનોને મળવાની આશા છે. આ ઉપરાંત પવર્ષના સમયગાળામાં ૨૦ લાખ યુવાનોને કૌશલ્ય પ્રદાન કરવામાં આવશે.

મહિલાઓ અને છોકરીઓને લાભ આપતી યોજનાઓ માટે ૩ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકની ૧૦૦થી વધુ શાખાઓ ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં સ્થાપિત કરવામાં આવશે. રાષ્ટ્રની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા પોલાવરમ સિંચાઈ યોજના પૂર્ણ કરવામાં આવશે.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે બજેટ ભાષણની શરૂઆત કરી ત્યારે તેમણે બિહાર અને આંધ્ર પ્રદેશ માટે ખજાનું ખોલ્યું જેમના સમર્થનથી સરકાર ચાલી રહી છે. આ ઉપરાંત નાણામંત્રીએ પૂર્વોદય ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે યોજનાની જાહેરાત કરી હતી. બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશ પણ આ યોજના હેઠળ આવશે.ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણીમાં ભાજપને બહુમતી ના મળતા નીતિશ અને ચંદ્રબાબુ નાયડુના સહારે કેન્દ્રમાં NDAની સરકાર બની અને પીએમ મોદીએ ત્રીજી વખત વડાપ્રધાન પદના શપથ લીધા હતા. બજેટમાં આંધ્ર અને બિહાર માટે કરવામાં આવેલી વિશેષ જાહેરાત રીટર્ન ગિફ્ટ તરીકે માનવામાં આવી રહી છે. તેમ છતાં, મોદી સરકારનું આ બજેટ દેશની અર્થવ્યવસ્થાના વિવિધ ક્ષેત્રોને ઉત્તેજન આપતું વિકાસલક્ષી બજેટ છે એમ કહી શકાય.

# શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા ફ્રી મેગા મેડિકલ કેમ્પ

શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા શનિવાર તા. ૩ જી ઓગસ્ટના એક ફ્રી મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે એનો લાભ નાગરિકો બહોળી પ્રમાણમાં લે એવી અપેક્ષા છે.

૧) આંખનો નંબર કાઢી પછી એ પ્રમાણે ફ્રીમાં ચશ્માં બનાવી આપવામાં આવશે. ૨) Cataract (મોતિયો) હશે એને ફ્રીમાં ઓપરેશન કરી આપવામાં આવશે. ૩) ડાયાબિટીસ RBS ટેસ્ટ, HbA1c, Createnin ટેસ્ટ ફ્રીમાં કરી આપવામાં આવશે. ૪) સાંભળવાની તકલીફ વાળા ભાઈ/બહેનો નું ચેકઅપ કરી પછી ડોક્ટરના Clinic માં ફ્રીમાં Audiogram કાઢી આપવામાં આવશે. ૫) M.D. ડોક્ટરનું ફ્રી કન્સલ્ટેશન.

સમય અને સ્થળ : શનિવાર, તા. ૩ જી ઓગસ્ટ, સવારનાં ૧૦ વાગ્યે. લાયન્સ પેવેલિયન, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુલુંડ વેસ્ટ.

નોંધ : ૧) વહેલો તે પહેલો ના ધોરણે એ દિવસે સમાવી શકાય એટલા જ પેશન્ટની નોંધણી કરવામાં આવશે. ૨) રજિસ્ટ્રેશન ફરજીયાત છે. રજિસ્ટ્રેશન ફી રૂા.૫૦). ૩) સંપર્કઃ શરદભાઈ પટેલ (પ્રમુખ) ૯૩૨૪૧૬૬૦૮૭, રમેશભાઈ કોટક (ઉપપ્રમુખ) ૯૨૨૩૨૧૮૨૩૧, અલ્પેશભાઈ દેઢિયા (મંત્રી) ૯૭૦૨૪૪૮૮૨૨, કલ્પનાબેન ખંઢેડીયા (કોષાધ્યક્ષ) ૯૨૨૧૫૧૮૮૪૯, દીપકભાઇ શાહ (કારોબારી સમિતિ સભ્ય) ૯૩૨૨૬૦૨૫૯૦.

# શ્રી મુલુંડ ક.વિ.ઓ.સમાજ સાંસ્કૃતિક સમિતિ દ્વારા બેઝિક ટુ એડવાન્સ ગરબા વર્કશોપ ૨૦૨૪

શ્રી મુલુંડ ક.વિ.ઓ.સમાજ સાંસ્કૃતિક સમિતિ દ્વારા બેઝિક ટુ એડવાન્સ ગરબા વર્કશોપ ૨૦૨૪ નાટ્યપૂજાના પૂજા દેઢિયા (ગઢશીશા)ના સથવારે ગુજરાતી ભાતીગળ સંસ્કૃતિની ઓળખ કરાવતા ગરબા અને આ ગરબાના વર્કશોપમાં તમારી માટે લઈને આવ્યા છીએ વૈવિધ્ય ભર્યા અર્વાચીન રીતે રમાતા ગરબાના વિવિધ પ્રકાર, સ્પિન, બેરલ અને દાંડિયા રોલની પદ્ધતિ અને રીત શીખવાડવામાં આવશે. જે હંમેશા રમવા ગમે અને સહુના ફેવરેટ પોપટ, ફૂટબોલ અને તેમના સ્ટેપ્સમાં વિવિધતા સહિત શીખવાડવામાં આવશે. ઈન્સ્ટાગ્રામ વિશેષ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રભુત્વ ધરાવતા અર્વાચીન સ્ટેપ્સ પણ શીખવાડવામાં આવશે.

તા.૯,૧૧,૧૩,૧૮,૨૦,૨૩,૨૫,૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ (ટોટલ ૮ સેશન્સ) સમય રાતના ૮.૩૦ થી ૧૦ વાગ્યા. ફી કેવીઓ માટે રૂા.૧૬૦૦/-, નોન કેવીઓ માટે રૂા.૧૮૦૦/-. જીપે નંબર ૮૪૫૨૯૩૨૨૪૨, સ્થળ પર્લ બેન્કવેટ હોલ, ઓટુ આશા નગર પાસે, અચીજા હોટેલની નજીક. આ વખતની નવરાત્રિમાં આ ગરબા વર્કશોપમાં અર્વાચીન અને નવા સ્ટેપ્સ શીખીને ગુજરાતના સમૃધ્ધ સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરવાની અણમોલ તક ગુમાવશો નહીં. રજીસ્ટ્રેશન અને વધુ માહિતી માટે સંપર્ક કરો : રેશ્મા મામણીયા-૯૮૨૧૬૫૮૮૬૬, સંજયા મામણીયા-૯૮૨૧૨૨૯૦૫૮

# મુલુંડ સેવા સંઘ દ્વારા વિદ્યાર્થી ગુણગૌરવ સમારોહનું આયોજન

પૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરે અને મુલુંડ સેવા સંઘ દ્વારા ધો.૧૦ અને ૧૨મા ધોરણના ૯૦ ટકા અને તેથી વધુ ગુણાંક મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું ગુણ ગૌરવ સન્માન કરવાના સમારોહનું આયોજન શનિવાર, તા.૨૭ જુલાઈ બપોરે ૪ કલાકે મહારાષ્ટ્ર સેવા સંઘ હોલ, અપના બજાર ઉપર, જે.એન. રોડ સ્થળે કરવામાં આવ્યું છે. સંપર્કઃ પ્રકાશ ગંગાધરેઃ ૯૮૨૦૦ ૨૬૩૪૭.

# રાજ્ય સરકારની નવી યોજના લાડકી બહેનનો પ્રથમ હપ્તો રક્ષાબંધનના પર્વ દિને અપાશે

આગામી મહિને રક્ષાબંધનના તહેવાર દરમિયાન લાડકી બહેન યોજનાનો પ્રથમ હપ્તો આપવામાં આવશે, એમ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ૧૯ ઓગસ્ટ દિને જણાવ્યું હતું. ફડણવીસ, ડેપ્યુટી સીએમ અજિત પવાર સાથે, સૂરજાગઢ ઈસ્પાત પ્રાઈવેટ લિમિટેડના શિલાન્યાસ સમારોહ માટે ગઢચિરોલી જિલ્લામાં હતા.



'મુખ્યમંત્રી મારી લાડકી બહેન' યોજના હેઠળ વાર્ષિક કૌટુંબિક આવક રૂ. ૨.૫ લાખથી ઓછી હોય એવી પરિણીત, છૂટાછેડા લીધેલ અને ૨૧-૬૦ વર્ષની વયની નિરાધાર મહિલાઓને દર મહિને રૂ. ૧,૫૦૦ મળશે. આ યોજના માટેના સરકારી ઠરાવમાં જણાવાયું છે કે મુખ્યમંત્રી મારી લાડકી બહેન યોજનાના લાભાર્થી ઓની વાર્ષિક કૌટુંબિક આવક રુ. ૨.૫ લાખથી વધુ ન હોવી જોઈએ અને લાભાર્થી મહિલા પાસે તેના નામે બેંક ખાતું, રાજ્યનું આધાર/રેશન કાર્ડ અને ડોમિસાઈલ હોવું જોઈએ. ફડણવીસે જણાવ્યું હતું કે ૩૧ ઓગસ્ટ સુધીમાં ફોર્મ સબમિટ કરનારા અરજદારોને આવતા મહિને જુલાઈ અને ઓગસ્ટના હપ્તા એક સાથે મળશે.

Luxurious 3 BHK Residential Haven with Deck
FLORENCIA
P.K.Road, Mulund(W)
- 1118 ++ sq. ft.
- 2 Parkings
- Exclusive Spacious Full Floor Flat
- Luxurious Property
- First 3 Floors for Parking
- OC Received
- State of the Art Gym
- Vibrant Community and Neighbors
- Completely open and unrestricted view of Garden Hill Area & Kalidas
- 24/7 Power Backup
- Connectivity with School Hospitals, Major Landmarks
For Details Call :
9833808250



## રાશન વિતરણના ચોથા વર્ષની પૂર્ણાહૂતિનો કાર્યક્રમ યોજાયો

છેલ્લા ચાર વર્ષથી રાશન વિતરણ લાલજી સરના આનંદ કલાસીસના માધ્યમથી થઈ રહ્યું છે. ચોથા વર્ષની પૂર્ણાહુતિનો ૪૮મા મહિનાનો કાર્યક્રમ મુલુંડ હાઈસ્કૂલ પ્રાંગણ હોલમાં અષાઢી એકાદશીના તા ૧૭ જુલાઈના રોજ યોજાયો હતો. જેમાં ૧૪૮ પરિવારોને કાચા અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહિલાઓને છત્રીઓ આકાંક્ષા રાહુલ મૃગ અને એક શુભેચ્છક અને સાબુદાણા ખીચડી પ્રસાદ મનોરમાબેન મૃગ, હસ્તે હિરાલાલભાઈ મૃગ દ્વારા પૌત્ર જન્મની ખુશીમાં અપાયા હતા. આ કાર્યક્રમમાં શ્રી કચ્છી લોહાણા મહાજન-મુંબઈના પ્રમુખ નીતિનભાઈ પાંધી, મુલુંડ રાશન ઓફિસના ચીફ ઓફિસર ખોલામ સર, જાણીતા યુ ટ્યુબર બાદલભાઈ મુખ્ય મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત હતા. વિશેષ આમંત્રિત હતા શ્રીમતી હેતલબેન નીતિનભાઈ પાંધી, શ્રી ક.લો.મ.મુંબઈના ટ્રસ્ટી મયૂર સોતા, ટ્રસ્ટી ભાવિક તન્ના, સમાજશ્રેષ્ઠી હીરાલાલભાઈ મૃગ. દાતાશ્રીઓ જીનલ જિમ્મિત મહેતા, દેવાંગ સર, યામિની શેઠિયા, વીણાબેન મહેતા, ભગવતીબેન કોઠારી મંચસ્થ હતા. ગાયક રમેશ રાજગુરૂના મધુર ગીતો બધાએ માણ્યા હતા.

અભિવાદન વિધિમાં મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ નીતિનભાઈ પાંધીનું કચ્છી મુગટ પહેરાવીને બહુમાન કરવામાં આવ્યું હતું. નીતિનભાઈ પાંધી, હીરાલાલભાઈ મૃગ, બાદલભાઈ સહિતે પોતાના વકતવ્યમાં લાલજી સરના આ સેવાયજ્ઞની પ્રશંસા કરી, હૉલ માટે સહયોગ એડ શ્રી સંજયભાઈ માલી-સ્નેહા કેટરર્સનો મળ્યો હતો. કાર્યક્રમનું સંકલન અને સંચાલન લાલજી સરે કર્યું.

## શેઠ મોતીભાઈ પચાણ રાષ્ટ્રીય શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી



તા.૨૦ જુલાઈ શનિવારના રોજ શેઠ મોતીભાઈ પચાણ રાષ્ટ્રીય શાળામાં વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિની સમજ તેમજ ગુરૂ પ્રત્યે આદરભાવ વ્યક્ત કરવા ગુરૂપૂર્ણિમા ઉજવણીનો એક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

સરસ્વતી વંદના કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. ધો.૫ થી ૧૦ના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ગુરૂપૂર્ણિમા વિશે સવિસ્તર માહિતી એકત્ર કરી સભાખંડમાં રજૂ કરી. કેટલાક વિદ્યાર્થીઓએ શ્લોક, ગુરૂ મહિમા વર્ણવતા ભજન પણ રજૂ કર્યા. આ કાર્યક્રમનું આયોજન આચાર્યા શ્રીમતી સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુંદર સંચાલન શિક્ષક વિનોદભાઈ ટંડેલે કર્યું હતું.





GS SHETTY CRYSTAL HALL

Crystal hall, has exquisite interiors and high ceiling to give it a Crystal look. It has a floating capacity for 125 people (Seating Capacity 70 people). The dining area is separate and on the same level, hence facilitates easy flow of people. The hall is fully air-conditioned comes with kitchen space & excellent washroom with a glance of Gautam Buddha.





Gala No.5, Dr Rajendra Prasad Rd, Jagjivan Ram Nagar, Mulund West, Mumbai, Maharashtra 400082

Contact Details - 8452037666






Saatvik FOOD HUB



VEG MEAL TRAY / ORIENTAL MEAL TRAY

TO ORDER ONLINE

zomato SWIGGY

www.fofcuisine.petpooja.com

F29 Runwal Galleria, Runwal Greens, Mulund Goregoan link road,Mulung West

Call For Delivery - 955 955 6797 | 955 955 9459

# ભાંડુપમાં મોબાઈલ ટાવર બેઠી ચાલ પર પડતા આઠ ઘરોને નુકસાન થયું

ભાંડુપ (પશ્ચિમ)માં રવિવાર તા.૨૧ જુલાઈના રાતે પોણા દસના સુમારે મોબાઈલ કંપનીનો ટાવર શ્રમિક કો. ઓ. સોસાયટીમાં આવેલા ઘર પર તૂટી પડ્યો હતો, જેમાં અમુક ઘરોને નુકસાન થયું હતું. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું ન હતું. પાલિકાએ આ દુર્ઘટનાની તપાસનો આદેશ આપ્યો હતો.



ભાંડુપ (પશ્ચિમ)માં રમાબાઈ આંબેડકર નગર રોડ પર શ્રમિક કો.ઓ. સોસાયટી આવેલી છે, ત્યાં આ દુર્ઘટના બની હતી. પાલિકાના 'એસ' વોર્ડના અધિકારીના જણાવ્યા મુજબ કલેકટરની માલિકીની જમીન પર આ ઘર આવેલા છે અને અહીં જ ખાનગી કંપનીનો મોબાઈલ ટાવર ઊભો કરવામાં આવ્યો છે. મોબાઈલ ટાવર નીચે રહેલાં બેઠી ચાલનાં ઘરો પર તૂટી પડયો હતો, જેમાં અમુક ઘરને નુકસાન થયું હતું. તો આ દુર્ઘટના બાદ તકેદારીના પગલારૂપે આઠ ઘરને ખાલી કરાવવામાં આવ્યા હતા.

# ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારાઓ સામે આકરી કાર્યવાહી કરવા રાજ્ય સરકાર મક્કમ

રાજ્યના નાગરિકોને ગાય અને ભેંસનું ભેળસેળમુક્ત દૂધ મળી રહે તે માટે દૂધમાં ભેળસેળ કરનારાઓ પર આકરી કાર્યવાહી કરવા બાબતે રાજ્ય સરકાર અત્યંત ગંભીર છે એમ જણાવતાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને નાણાં પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે દૂધમાં ભેળસેળ રોકવા માટે અન્ન અને ઔષધ પ્રશાસનને અત્યાધુનિક ટેક્નોલોજી, મશીનરી અને પૂરતું માનવ સંસાધન ઉપલબ્ધ કરાવવા માટે પૂરતું ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે. દૂધમાં ભેળસેળના મુદ્દે ઉપસ્થિત કરવામાં આવેલા સવાલનો જવાબ આપતાં અજિત પવારે કહ્યું હતું કે રાજ્ય સરકારે આ વિષયની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દૂધમાં ભેળસેળ કરનારા માટે ફાંસીની સજા આપવાનો કાયદો કર્યો છે, પરંતુ આ કાયદો રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. દૂધની ભેળસેળ માટે ફાંસીની સજા તુલનાત્મક રીતે ઘણી આકરી હોવાનો અભિપ્રાય રાષ્ટ્રપતિ કાર્યાલયનો હોઈ શકે છે આથી જ તેના પર હજી સુધી સહી કરવામાં આવી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે અત્યારે રાજ્યમાં દૂધ ઉત્પાદકોને સારા ભાવ મળી રહ્યા છે ત્યારે કેટલીક ઝૂંપડપટ્ટીઓમાં દૂધમાં ભેળસેળ કરવાનું કામ ચાલી રહ્યું હોવાનું ધ્યાનમાં આવ્યું છે. વધુ ભાવ હોય એવી બ્રાન્ડના દૂધમાં પાણી ભેળવવું, ઈંજેક્શન દ્વારા ભેળસેળ કરવી વગેરે માધ્યમથી ભેળસેળ થાય છે. આ બાબત ગંભીર છે અને સરકાર તેને રોકવા માટે આવશ્યક પગલાં લેશે.




# ઈન્નર વ્હીલ ક્લબ દ્વારા મતિમંદ બાળકોની મ.ન.પા.શાળામાં 'ગુરૂપૂર્ણિમા' ઉત્સવ ઉજવાયો

તા.૧૯ જુલાઈ ૨૦૨૪ શુક્રવારના રોજ મ.ન.પા. સંચાલિત મતિમંદત શાળામાં ઈન્નરવ્હીલ ક્લબ ઓફ મુલુંડ (ડિસ્ટ્રીક ૩૧૪) દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિત્તે વિવિધ સેવાકાર્યોનું આયોજન નવનિર્વાચીત પ્રમુખ શ્રીમતી નૂતન ધુલ્લા, શ્રીમતી હર્ષા ઝવેરી અને અન્ય ઉત્સાહિત સભ્યો દ્વારા કરાયું હતું. 'ઝાડ વિના પાન નહિં, ગુરૂ વિના જ્ઞાન નહિં' આ ઉક્તિને અનુસરનારા ગુરૂજનો શ્રીમતી સવિતા માંડલિક, શ્રીમતી મીના શાહ, પૂંડલિક ફંડે સર જેવા તજજ્ઞ શિક્ષકો ખૂબ મહેનત કરીને વર્ષભર આ વિશેષ બાળકોની વિશેષ કાળજી લઈને ભણાવે છે. તેમજ આવા વિશેષ બાળકો માટે રાષ્ટ્રીય, રાજ્ય પુરસ્કાર પુરસ્કૃત શ્રીમતી ભાવનાબેન શેઠ સદર શાળામાં વિશેષ સેવાકાર્યોનું આયોજન



કરતા હોય છે. તે પૈકી આ વર્ષે બાળકોને ઘરથી શાળા અને શાળાથી ઘર સુધી આવવા-જવા માટે (વાલીઓ સાથે) સમાજમાં 'ભામાશા'નું બિરૂદ મેળવનારા જાણીતા દાનવીર સુંદરજી મુલજી શાહના અનુદાન દ્વારા ૨૦ સીટર સ્પે.બસનું આયોજન કરવામાં મુખ્ય ભૂમિકા ભજવવા બદલ ગુરૂપૂર્ણિમાનું ઔચિત્ય સાધી ઈન્નર વ્હીલ ક્લબના પ્રેસિડન્ટ તથા તેમના સભ્યોએ સન્માન કર્યું હતું. વળી આ વિશેષ બાળકોના ગરીબ પાલકોના પાલક મંડળ દ્વારા શ્રીમતી ભાવનાબેન શેઠને તેમની યાતના મુશ્કેલીમાં માર્ગદર્શન તથા સહાય કરવા બદલ 'આભાર પત્ર' એનાયત કરાયો હતો. આ તબક્કે ઈન્નર વ્હીલ ક્લબના સભ્યો દ્વારા સરસ્વતી મૂર્તિ મંદિર સ્થાપના શાળામાં કરાઈ હતી. બાળકોને ભરપેટ ભોજન સાથે સુંદર ટીફીન બોક્સની લ્હાણી કરાઈ હતી. ક્લબના એક્ટિવ સભ્ય શ્રીમતી હર્ષાબેન ઝવેરી છેલ્લા ૧૫ વર્ષથી આ વિશેષ બાળકો માટે વિવિધ સેવાકાર્યો કરે છે. તેમણે ક્લબની બહેનો સાથે સુંદર 'શારદાષ્ટક' ગાન ગાઈને કાર્યક્રમનું સમાપન કર્યું હતું. ઈન્ચાર્જ શ્રીમતી સવિતા માંડલિકે આભાર વિધિ કરેલ હતી.


DISCOUNTED HEALTH CHECKUP

BLOOD TEST PACKAGE AT Rs.1990/- only

Mulund (East)

TEST
- CBC
- T3, T4, TSH
- VIT. B12
- VIT. D3
- HbA1c
- LIPID PROFILE
- Fasting Bl. Sugar
- S. Creatinine
- S.G.P.T.

Mulund (East)

INDIVIDUAL DISCOUNTED RATE

| Test | Rate | Discount Rate | Test | Rate | Discount Rate |
|---|---|---|---|---|---|
| CBC | ~~Rs.300~~ | Rs.170 | VIT. D3 | ~~Rs.1650~~ | Rs.790 |
| T3, T4, TSH | ~~Rs.550~~ | Rs.390 | HbA1c | ~~Rs.590~~ | Rs.390 |
| VIT. B12 | ~~Rs.1150~~ | Rs.690 | BL.SUGAR | ~~Rs.70~~ | Rs.50 |

SINCE 1963


NEAR RLY. STATION @Dr.JAYANT MANDOT Pathology Lab

Address: 102, Jai Laxminarayan Bldg., Opp.Prashant Hotel, L.T. Road, Mulund (East)

Note : Special Discount on other Blood Test Also

Home Visit Available in Mulund

022-2163 7380, 022-2163 4353, 87792 00271



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિષ વિશારદ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૨૪ જુલાઈ – ૩૦ જુલાઈ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ)** : આર્થિક કટોકટી હળવી કરવા લોનનું વિચારતા હો તો ચોક્કસ મળી જશે. ભૂલોનું પુનરાવર્તન ન થાય અને કોઈ અપ્રામાણિક વ્યક્તિ તમને છેતરી ન જાય એનું વિશેષ ધ્યાન રાખજો. પ્રણયજીવનમાં લગ્ન કે મૈત્રી સંબંધી નિર્ણય લેતા પહેલા પરિવારમાં કોઈકની સાથે તમે વિચારવિમર્શ અવશ્ય કરી લેજો એવી મારી સલાહ છે. વિદ્યાર્થીઓ માટે વધુ અભ્યાસ કે પ્રવાસ માટેનું પ્લાનિંગ સફળ રહેશે. આ રાશીના કેટલાક લોકો માટે ઘર બદલવાના અથવા જમીનની લે વેચ કરવાના સંજોગો દેખાય છે. વધુ પડતી ગરમીથી બિમાર પડી શકો છો. **સ્ત્રીવર્ગ માટે :** ફેમિલીની સત્તાવાહી વ્યક્તિ સાથે ઘર્ષણમાં ઉતરવાનું ટાળો.

**વૃષભ (બ,વ,ઉ)** : તમે દિલથી જે ઈચ્છો છો એ અને સામાજિક રૂઢિ વચ્ચે થોડા ઘર્ષણની શક્યતા છે. વિવેકબુધ્ધિ અને મુત્સદ્દીપણા વચ્ચે સંતુલન કઈ રીતે જાળવવુ એ શીખવાનો આ સમય છે. એરેન્જડ મેરેજ કરવા મથતા લોકોને લગ્નની બે ઓફરો મળશે. અને સામી વ્યક્તિને જોતાં જ તમને લાગશે કે તેની સાથે તમારો જન્મોજન્મનો નાતો છે. રહેઠાણ બદલવાનો અને પરિવારના નાના સભ્ય સાથે ઝઘડાનો બનાવ એક સાથે બને એવી શક્યતા છે. હાલ નાણાનુ સાવચેતીપૂર્વક રોકાણ કરો એવી મારી સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારે સન્માન મળે એવા કાર્યો કરવા પડશે. ફક્ત માગણી કરવાથી સન્માન ન મળે, સમજ્યાને?

**મિથુન (ક,છ,ઘ)** : તમારા ધ્યેય માટે મથતા રહેવું અને એ તરફ આગળ વધવા માટે ઝઝૂમવુ એ તમારો સ્વભાવ છે. એટલું યાદ રાખો કે કર્મના ફળ સૌને મળે જ છે. પરિવાર સાથે સમય ગાળવા પાર્ટીઓનું આયોજન કરી શકશો. વિદેશ પ્રવાસનો પ્લાન બની શકે છે. ફાઈનેન્સ, બિઝનેસ, લોન માટેની અરજી કરવા કે નવું વાહન ખરીદવા માટે સમય શ્રેષ્ઠ છે. પ્રોપર્ટી વારસામાં મળે કે એનું વેચાણ કરો એવી શક્યતા છે. એકાદ કાનૂની પ્રક્રિયાનો કે કોઈ સરકારી કામકાજને લગતી પ્રક્રિયાનો અંત આવશે એમ જણાય છે. ઘરનું બનાવેલું સાત્વિક ભોજન આરોગો અને તેલ મરચાવાળો ખોરાક ઓછો લેજો. **સ્ત્રીવર્ગ માટે :** ભાવિ યોજનાઓ વગર વિચાર્યે જાહેર ન કરો.

**કર્ક (ડ,હ)** : હાલ તમે અત્યંત સંવેદનશીલ બની ગયા છો એ જ તમારી સમસ્યા છે. તમારે આત્મસંયમ અને શિસ્ત જાળવવાની પ્રેક્ટિસ કરવી પડશે. ભૂતકાળનું ભૂત તમારા મનમાં ઘૂણી રહ્યું છે જે તમારી આધ્યાત્મિક ઊન્નતિ રુંધે છે. ભૂતકાળને ભૂલી વર્તમાનમાં જીવો એવી મારી સલાહ છે. તમારા વલણમાં બદલાવ લાવવો જરૂરી છે, જો એમ કરશો તો આ નવા કર્મની ગતિ તમને આધ્યાત્મિક રીતે, લાગણીની રીતે અને શારીરિક રીતે વધુ મજબૂત બનાવશે એમ દેખાય છે. નોકરિયાતો માટે વિદેશ પ્રવાસની શક્યતા ઊભી થશે. **સ્ત્રીવર્ગ માટે :** નાણાકીય અસલામતીનો સમય હવે પૂરો થયો છે અને તમારી એક નવી જિંદગીની શરૂઆત થશે.

**સિંહ (મ,ટ)** : અચાનક થયેલી સ્ફુરણાને આધારે પગલા ભરવાનું તમે પસંદ કરો છો અને એના પરિણામે તમને સફળતા પણ મળશે એમ દેખાય છે. તમે આદતો સહેલાઈથી કેળવી શકશો, પરંતુ એને છોડવા મજબૂત ઈચ્છાશક્તિની જરૂર પડશે. સદ્નસીબે ઈશ્વરે તમને મજબૂત ઈચ્છાશક્તિનું વરદાન આપ્યું છે. વિવશ બનાવે એવી આદતોનો ત્યાગ કરો એવી મારી ખાસ સલાહ છે. હાલ પાર્ટીઓ અને મોડે સુધી ડ્રાઈવિંગનો આનંદ માણી શકશો. નોકરિયાતોને મહેનત પ્રમાણે વળતર નથી મળતું એમ લાગ્યા કરે. **સ્ત્રીવર્ગ માટે :** તમારી અંદરના પ્રેમ અને સમજણને એકત્રિત કરો અને કોઈપણ પ્રકારના સ્વાર્થ વિના તમારા પ્રિયજનને અપનાવી લો.

**કન્યા (પ,ઠ,ણ)** : આમ તેમ ફાંફા મારવાને બદલે લક્ષ્ય પર નજર રાખવા પ્રયાસ કરો. એકાગ્રતાથી કામ કરશો અને સમય મર્યાદાનું પાલન કરશો તો તમારા પ્રયાસોની કદર થશે. અત્યાર સુધી સુષુપ્ત મનમાં ધોળાઈ રહેલા વિચારો હવે જાગ્રત મનનો કબજો લઈ લેશે. ફિનિક્સ પક્ષીની માફક તમે રાખમાંથી ફરી બેઠા થઈ શકશો એમ દેખાય છે. હાલ સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમય છે. નિકટના સંબંધો ફરી દૃઢ બનાવવાની તક મળશે. સંબંધીઓ અને મિત્રો સાથે નરમ વલણ અપનાવો અને વડીલો પ્રત્યે સ્નેહ અને નમ્રતાથી વર્તો એવી મારી સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** મિત્રો સપોર્ટ આપશે ને વફાદારી નિભાવશે.

**તુલા (ર,ત)** : વર્તમાન સ્થિતિમાં તમારે શારીરિક કરતા માનસિક શક્તિનું પ્રદર્શન કરવું પડશે. હાલ મનમાં અસાધારણ સર્જનાત્મક વિચારો આવી રહ્યા છે. તમારા ચંચળ મનને લીધે એમાંથી એકની પણ પસંદગી નહી કરી શકો. મારૂ જો માનતા હો તો સ્ટ્રોન્ગ બનો અને ખુદ પર વિશ્વાસ રાખી આગળ વધો. અંતરાત્માના સ્તરે પરિવર્તન લાવવાનો પ્રયાસ કરો. આમ કરવાથી વર્તણૂકની કેટલીક પધ્ધતિ બદલાશે અને તમે આપમેળે આધ્યાત્મિક્તાની ઊંચાઈ પર પહોંચી શકશો. જેમના અભિપ્રાયો પર શ્રધ્ધા હોય એવા મિત્રોની મદદ મળી રહેશે. **સ્ત્રીવર્ગ માટે :** કોઈપણ પરિસ્થિતિમાં ઊગ્ર પ્રતિસાદ ન આપવાની સલાહ છે.

**વૃશ્ચિક (ન,ય)** : વાસ્તવિક્તાને પારખવા માટે તમારી આવડત-શક્તિઓને કામે લગાડવાનો સમય છે. તમારા મનમાં નાણાકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની વાત સતત રમ્યા કરે છે, પરંતુ ફક્ત આશાઓ કરવાને બદલે એ મેળવવા માટે કંઈક નક્કર કરો. તમારા જીવનમાં તમે ઝડપભેર ફેરફાર કરવાનું વિચારો છો એ બંધ કરો અને ધીરે ધીરે પરિવર્તન લાવવાનો પ્રયાસ કરો. પ્રિયજનો સાથે મહત્વના મુદ્દાઓ વિશે વાતચીત કરતી વખતે તમારો અહંકાર બાજુ પર રાખી દેવાની સલાહ છે. શનિ-રવિ તમે મિત્રો સાથે કે પાર્ટીમાં માણી શકશો. **સ્ત્રીવર્ગ માટે :** લાગણીશીલ બાબતોને બાજુ પર રાખી કારકિર્દી પર ધ્યાન આપો તો સારું.


**ધન (ભ,ધ,ફ,ઢ)** : નાણાકીય અને લાગણીઓની બાબતમાં તમે જે વિષાદની લાગણી અનુભવી રહ્યા હતા એનો ધીરે-ધીરે અંત આવશે અને તમારા માટે ખુશીના દિવસો શરૂ થશે. પરિવર્તનને ક્યારે સ્વીકારવું અને ક્યારે આગળ ધપવુ એ પારખતા તમારે શીખવું જરૂરી છે. તમારા ધંધામાં કે ઓફિસમાં કોઈ માણસ ખોટા બિલો સાથે નાણાકીય ગોલમાલ કરવાની કોશિશ કરી રહ્યો છે. તમે સતત સતર્ક અને સાવધ રહેશો તો એ પકડાઈ શકે છે. અપચાની તકલીફ રહેશે. હાલ તેલ-મરચાવાળો ખોરાક ન લેવાની ખાસ સલાહ છે. નાના-મોટા અકસ્માત કે ઓપરેશનના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** હાલના જ્ઞાનમાં વૃધ્ધિ માટે વધારાની ડિગ્રી કે એકાદ ટૂંકો કોર્સ કરી લેવાની જરૂર છે.

**મકર (ખ,જ)** : નાની-નાની બાબતોને જતી કરતા શીખી ગયા છો. આથી મનના ઊંડાણમાં પરિવર્તન શરૂ થઈ ચૂક્યું છે. લાગણીઓ પરના સંયમને લીધે બ્રહ્માંડમાંથી મળતા વાઈબ્રેશનો અનુભવી શકશો. આવા વાઈબ્રેશનો ઈચ્છાપૂર્તિના માર્ગે લઈ જશે એમ દેખાય છે. મનની ઈચ્છા વ્યક્ત કરો અને એને પૂરી થતી નિહાળવાનો સમય છે. ભવિષ્ય માટે હવે પ્લાન બનાવી શકો છો અને જોઈતું મેળવવા આગળ વધી શકો છો. ફ્લેટ કે ઓફિસની ખરીદી અને ઈન્ટીરિયરમાં વ્યસ્ત રહેવું પડશે. બ્લડપ્રેશરનું ખાસ ધ્યાન રાખવાની સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** તત્કાળ આકર્ષાઈ જાવ એવી કોઈ વ્યક્તિ સાથે મુલાકાત શક્ય છે.

**કુંભ (ગ,સ,શ,ષ)** : આવક વધી રહી હોય તો ખર્ચની બાબતમાં ધ્યાન રાખવું પડશે. કોઈક નવી કામગીરીમાં પરોવાઈ ગયા છો, છતાં ભૂતકાળના સંબંધોની યાદ સતાવી રહી છે એમ દેખાય છે. કામકાજ અને લાગણીઓ વચ્ચે અંતર જાળવવું પડશે. નોકરીની ઓફર મળવાની તૈયારીમાં જ છે. આવી ઓફર વ્યવહારુ છે કે નહી એની બરાબર ચકાસણી કરી લેવાની સલાહ છે. એકાદ ટૂંકા પ્રવાસ માટે તૈયારી કરી લો. યુવાનોની કોઈ રસપ્રદ વ્યક્તિ સાથે મુલાકાત થશે. શેરબજારમાં ઈન્વેસ્ટ કરવામાં સાવધાની રાખજો. વાહન લેવાના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** બધા લોકો પાસે તમારા જેવા ન્યાયી અને પ્રામાણિક વર્તાવની આશા રાખશો તો નિરાશ થવું પડશે.

**મીન (દ,ચ,ઝ,થ)** : પરિવાર કે મિત્રોની અંગત બાબતોથી અલિપ્ત નહી રહો તો વિવાદમાં સપડાઈ શકો છો. તમારા વિકાસ કે સફળતામાં અન્ય કોઈને અવરોધરૂપ બનવા ન દો. નવું પરિવર્તન તમારી લાઈફસ્ટાઈલ બદલી નાખશે અને સર્જનાત્મક શક્તિ તમને નવા મુકામ પર લઈ જશે એમ દેખાય છે. એકાદ અણધાર્યો પ્રવાસ તમને ખર્ચના ખાડામાં ઊતારી દેશે પણ તમે એ પ્રવાસને ટાળી પણ નહી શકો એ નક્કી છે. ભૂતકાળની કોઈક નિરાશા તમારામાં વેરવૃત્તિ કે કડવાશ ઊભી ન કરે એનું વિશેષ ધ્યાન રાખજો. પડવાનું કે વાગવાનું શક્ય છે. **સ્ત્રીવર્ગ માટે :** પરિવાર અને સંતાનો પ્રત્યે ધ્યાન આપવાનો સમય છે.

# Accupressure (એક્યુપ્રેશર)



એક્યુપ્રેશર એક પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ છે. આ રીતમાં શરીરના અલગ અલગ ભાગ પર મહત્વપૂર્ણ પોઈન્ટ પર પ્રેશર આપીને બીમારીઓની સારવાર કરી શકાય છે. આપણા શરીરમાં મુખ્ય અંગોના પ્રેશર પોઈન્ટ્સ પગના તળિયા અને હથેળીમાં હોય છે.

આ પ્રેશર પોઈન્ટસને દબાવવામાં આવે કે પછી મસાજ કરવામાં આવે તો ઘણી બીમારીઓમાંથી સાજા થઈ જવાય છે.

આપણું શરીર નખથી માંડીને શિખ સુધી એક સાથે જોડાયેલું છે. આ નસો, લોહી, મસલ્સ, કોશિકાઓ અને હાડકાંઓથી બનેલું છે. એક જગ્યા પર પ્રેશર નાખવાથી અન્ય ભાગોમાં પ્રભાવિત થાય છે. યોગ્ય પોઈન્ટને યોગ્ય રીતે દબાવવી જોઈએ.

આ પધ્ધતિની વિશેષતા છે કે

• વિનાખર્ચ • સાદી, સરળ • આડઅસર વગર • સાધનોની જરૂર નહી • નુકસાન નહીં • જાતે જ સાજા થઈ શકાય છે • સમય અને જગ્યાની મર્યાદા નહી • સર્વાંગીણ આરોગ્ય સુધારે છે • દુઃખાવો ઓછા કરે છે • રક્તપરિભ્રમણ સુધારે છે • મન ને હળાશ મળે છે • સ્નાયુઓમાં અક્કડપણું ઘટાડે છે • માથા સાઈનસ દુઃખાવામાં રાહત બક્ષે છે.

– ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

## ગત સપ્તાહે અનરાધાર વરસાદને લીધે
# જળાશયો અડધોઅધ ભરાયા

મુલુંડમાં શનિવાર વરસાદની જોરદાર રમઝટ પછી પણ અવિરત હેલીને લીધે મુંબઈના પાણી પૂરું પાડતાં સાત તળાવોમાં લગભગ છ મહિના સુધીનો પાણીનો પુરવઠો આવી ગયો છે. તુલસી-તાનસા અને વિહાર જેવા નાના તળાવો છલોછલ ભરાઈ ગયા છે. જોકે ભાતસા, મિડલ વૈતરણા, અપર વૈતરણામાં હજુ પાણી છલાકાવાની સપાટી ઘણી નીચા સ્તરે છે.

## હરીશ ખોંભડીયા પ્રસ્તુત
## ઈર્શાદ ગઝલ કોર્નર...
### ગઝલ એ પછી મારા હાથે ચડી છે.

થયું, જિંદગી આ ખરાબે ચડી છે,
પછી જાણ્યું, એ તો સરાણે ચડી છે.
ઘણી હસ્તરેખાઓ ખરવા દીધી મેં,
ગઝલ એ પછી મારા હાથે ચડી છે.
ઉંમર.. ગાલે ખંજન બની જે વસી'તી,
કરચલી થઈ એ લલાટે ચડી છે.
કોઈ રાખે લક્ષ્મીને ખિસ્સે અદબથી,
અને કોઈને તો એ માથે ચડી છે.
ન હાંફે તો બીજું કરે જિંદગી શું?,
પગથિયાં ઘણાં એકસાથે ચડી છે
તમે જેને સમજી લીધું હાસ્ય મારું,
ખરું કહું ? ઉદાસી તમારો ચડી છે.



રઈશ મણિયાર
સંકલન :હરીશ ખોંભડીયા

# મ્હાડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના માટે આવેદન કર્તાની આવક પાત્રતા વધારીને રૂા.૬ લાખ કરાઈ

મ્હાડાના મુંબઇ બોર્ડના આશરે ૨,૦૦૦ મકાનના આગામી ડ્રોમાં ગોરેગાંવમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (પીએમએવાય) હેઠળ ખાલી પડેલા ૮૮ મકાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ મકાનોમાં રસ ધરાવતા લોકો માટે આ રાહતની વાત છે. મુંબઈમાં પીએમએવાય યોજના હેઠળ હવે આ ઘરો માટે વાર્ષિક છ લાખ રૂપિયાની પારિવારિક આવકની મર્યાદા રાખવામાં આવી છે. અગાઉ આ મર્યાદા વાર્ષિક ૩ લાખ રૂપિયા હતી.



મુંબઈમાં પહેલીવાર પીએમએવાય યોજના હેઠળ ગોરેગાંવ પહાડીમાં ૧૯૦૦થી વધુ મકાનોનું બાંધકામ કરવામાં આવ્યું છે. મુંબઈ બોર્ડે ઓગસ્ટ ૨૦૨૩ના ડ્રોમાં આ મકાનોને સામેલ કર્યા હતા. ૩૨૨ ચોરસ ફૂટના આ મકાનની કિંમત ૩૦ લાખ ૪૪ હજાર રૂપિયા હતી. ઓછી આવક ધરાવતા લોકો માટે એ ઘર હતા. દરમિયાન મ્હાડાના ડ્રોના નિયમો મુજબ ઓછી આવક ધરાવતા જૂથ માટે પારિવારિક આવક મર્યાદા વાર્ષિક છ લાખ રૂપિયા નક્કી કરવામાં આવી છે. જોકે, પીએમએવાય યોજના માટે વાર્ષિક ત્રણ લાખ રૂપિયાની પારિવારિક આવક મર્યાદા છે. એ અનુસાર ગોરેગાંવની પીએમએવાય યોજના હેઠળના મકાનો માટે વાર્ષિક ૩ લાખ રૂપિયાની પારિવારિક આવક મર્યાદા પણ લાગુ કરવામાં આવી અને એ અનુસાર ઓગસ્ટ ૨૦૨૩માં ઘરનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ ઘરોના વેચાણને સારો પ્રતિસાદ મળ્યો હતો, પરંતુ અનેક ઇચ્છુક લોકો આ ઘર મેળવવા માટે અરજી કરી શક્યા નહોતા.

મુંબઈ અને મુંબઈ મેટ્રોપોલિટન રીજનને ધ્યાનમાં લઈએ તો વાર્ષિક ત્રણ લાખની આવક મર્યાદાને બંધબેસતા અરજદારો ખૂબ જ ઓછા હોવાથી મોટી સંખ્યામાં અરજદારો ફોર્મ નહોતા ભરી શક્યા. તેને ધ્યાનમાં રાખીને મ્હાડાએ મુંબઈ મેટ્રોપોલિટન રિજન માટે પીએમએવાય યોજના હેઠળના ઘરો માટે વાર્ષિક ૬ લાખ રૂપિયાની પારિવારિક આવક મર્યાદા રાખવાની માગણી કરી હતી.

આ પ્રસ્તાવને કેન્દ્ર સરકારે માન્ય રાખ્યો છે અને એ અનુસાર કોંકણ બોર્ડે પણ આવક મર્યાદા લાગુ કરી દીધી છે. હવે મુંબઈ બોર્ડના ડ્રો માટે નવી આવક મર્યાદા નક્કી કરવામાં આવી હોવાથી વાર્ષિક છ લાખ રૂપિયાની પારિવારિક આવક મર્યાદા ધરાવતા ઉમેદવારો પણ મુંબઈ બોર્ડમાં પીએમએવાય મકાનો માટે અરજી ફોર્મ ભરી શકશે.

# વરસાદની અવિરત હેલીથી મુલુંડમાં રસ્તાઓ પર પાણી ભરાયા



અષાઢી એકાદશી અને અષાઢી પૂર્ણિમા-ગુરૂપૂર્ણિમા અને ૧૯ જુલાઈથી ચંદ્ર નક્ષત્ર દેડકાના વાહનના સુયોગ્ય સંયોગે સમગ્ર દેશમાં અતિવૃષ્ટિની પરિસ્થિતિ સર્જાઈ છે. આ સંજોગ સાથે પરિસ્થિતિ તા.૨ ઓગસ્ટ સુધી નક્ષત્ર અને વાહન બદલાયા પછી થંભશે એવું જાણકારો અનુમાન વ્યક્ત કરી રહ્યાં છે.

સારા વરસાદને પગલે મુંબઈ મહાનગરને પાણી પુરવઠો આપતા જળાશયોમાં પાણી જથ્થો વધી રહ્યો હોવાથી લોકો રાજીપો અનુભવે છે. તે સાથે મુલુંડમાં એલ.બી.એસ.રોડ ઉપરાંત અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યા ઉજાગર થઈ હતી. ગત સપ્તાહ દરમ્યાન વૃક્ષ પડવાની કોઈ મોટી દુર્ઘટના સદનસીબે થઈ ન હોવાથી મુલુંડગરાઓને રાહત મળી છે. માત્ર લોકલ ટ્રેનોનું અનિયમિત આવા ગમનથી પ્રવાસીઓને તકલીફ ભોગવી પડી રહી છે.







# મુલુંડના કોઠારી પરિવારે ગુરૂપૂર્ણિમાના દિવસે વ્રજેશ્વરી આશ્રમશાળાની વિદ્યાર્થીનીઓ સાથે ઉજવણી કરી



તા.૨૧ જુલાઈ રવિવારના ગુરૂપૂર્ણિમા દિને લોહાણા અગ્રણી સ્વ.નરશીદાસ રતનશી કોઠારીએ વર્ષોથી આજના દિવસે ચલાવેલ સેવા પરંપરાને પરિવારે પણ તેમની ગેરહાજરીમાં જાળવી રાખી વ્રજેશ્વરીની ગર્વમેન્ટ એઈડ શ્રીમતી અંબિકાબાઈ ધર્માજી જાધવ કન્યાવિદ્યાલય આશ્રમ શાળાની ૧૮૦ જેટલી બાળાઓને શોપકીપર્સ વેલ્ફર એસોસિએશનના પ્રેસિડન્ટ, પુત્ર અતુલ કતિરા, પૌત્રી કૃષિતા કોઠારી, પુત્રી હર્ષદાબેન તુષાર પંજુઆણી અને જમાઈ તુષારભાઈ મોતીરામ પંજુઆણી અવિરત વરસાદી માહોલમાં પણ સ્વ હસ્તે મીઠાઈ ફરસાણનું વિતરણ કરી વિદ્યાર્થીનીઓને ઉપયોગી થાય એવી ગીફ્ટ આપી હતી. બાળાઓએ આ મિજબાની તથા ગીફ્ટ મેળવી રાજીપો અનુભવ્યો હતો.



## આઉટડોર રમતો રમતી વખતે આંખની સંભાળ માટે સાવચેતી

આંખ એ આપણા શરીરનું ખૂબ અગત્યનું અંગ છે જે આપણને આપણી આસપાસના બાહ્ય જગતનું ભાન કરાવે છે. મેદાની કે આઉટડોર રમતો જેવી કે ક્રિકેટ, ફૂટબોલ, બેડમિન્ટન વગેરે રમતી વખતે આંખને ઈજા ન થાય તે માટે શું સાવચેતી લેવી જોઈએ તે અંગે આંખનું જતન લેખમાળાના આ મણકામાં મુલુંડની પ્રખ્યાત અને આધુનિક સુવિધાઓથી સજ્જ આઈહીલ હોસ્પિટલના ડોક્ટર કૌશલ શાહ ઉપયોગી માહિતી આપે છે.

આઉટડોર સ્પોર્ટ્સ દરમ્યાન આંખની ઈજાનું નિવારણ

મેદાની રમતગમત દરમ્યાન આંખને ઇજા થવી સામાન્ય છે પરંતુ તે અટકાવી શકાય તેવી (preventable) છે. એ માટે ઉપલબ્ધ સાવચેતીઓ અંગે જાણકારી મેળવવાથી, ખેલાડીઓ મોટાભાગની રમત-સંબંધિત આંખની ઇજાઓને નિવારી શકે છે.

રક્ષણાત્મક ચશ્માનો ઉપયોગ કરો

આંખની ઇજાનું નિવારણ રક્ષણાત્મક (protective) ચશ્માથી શરૂ થાય છે. એક અંદાજ પ્રમાણે રમતગમત સંબંધિત આંખની ૯૦ ટકા ઇજાઓને યોગ્ય ચશ્માના ઉપયોગથી અટકાવી શકાય છે. આંખની સલામતીની ખાતરી માટે, તમામ પ્રકારના ખેલાડીઓએ યોગ્ય પ્રકારના રક્ષણાત્મક ચશ્મા પહેરવા જોઈએ.

આંખની સંપૂર્ણ સુરક્ષા માટે પહેરવાના રક્ષણાત્મક ચશ્મા અમેરિકન સોસાયટી ફોર ટેસ્ટિંગ મટિરિયલ્સ (ASTM)ના ધોરણોને અનુરૂપ હોવા આવશ્યક છે. પોલીકાર્બોનેટ લેન્સના ASTM દ્વારા પ્રમાણિત ચશ્માં ગંભીર ઈજા સામે રક્ષણ આપી શકે છે. આ સાથે જરૂરી હેલ્મેટ અને અન્ય સુરક્ષા




સાધનોનોનો ઉપયોગ કરવાની સુવિધા આપતા તમામ પ્રકારના રક્ષણાત્મક ચશ્મા બંને આંખો પર સંપૂર્ણ સુરક્ષિત રીતે ફિટ થવા જોઈએ.

આઉટડોર સ્પોર્ટ્સ દરમિયાન નંબરવાળા ચશ્મા પહેરવાનું ટાળો

નંબરવાળા (પ્રિસ્ક્રિપ્શન) ચશ્મા, સનગ્લાસિસ અને વ્યવસાયિક સલામતી માટેના ચશ્મા આઉટડોર રમતગમત દરમિયાન આંખની ઇજાને રોકવા માટે અપૂરતા છે. અમુક કિસ્સાઓમાં, આ પ્રકારના ચશ્મા કે ગોગલ્સ વધારાના જોખમો ઉભા કરે છે, કારણ કે તેમના તૂટેલા લેન્સ ખેલાડીનીની આંખમાં કાપો પાડીને ગંભીર ઈજા પહોંચાડી શકે છે.

મહત્તમ સુરક્ષા માટે, ખેલાડીઓએ ASTM દ્વારા માન્ય રક્ષણાત્મક ચશ્મા જ પહેરવાનો આગ્રહ રાખવો જોઈએ અને તેઓ સામાન્ય રીતે વાંચવા લખવા કે ટીવી જોવા જેવી પ્રવૃત્તિઓ માટે વાપરે છે તે ચશ્માને પહેરવાનું ટાળવું જોઈએ.

હેલ્મેટ અને ફેસ શિલ્ડનો ઉપયોગ કરો

ફૂટબોલ, લેક્રોસ અને હોકી જેવી કેટલીક રમતો માટે ખેલાડીઓએ પોલીકાર્બોનેટ ફેસ માસ્ક અથવા વાયર શિલ્ડ પહેરવાની જરૂર છે. ખેલાડીઓએ તેમની રમતની નિયમનકારી સમિતિ (legulatory committee) દ્વારા માન્ય ફેસ શિલ્ડ અથવા માસ્ક પહેરવા જોઈએ.

આંખને વધુ ઇજા થતી અટકાવવા માટે, ખેલાડીઓએ રક્ષણાત્મક ચશ્મા સાથે હેલ્મેટ અને શિલ્ડ પણ પહેરવા જોઈએ. ફક્ત પહેરવાથી શિલ્ડ આંખને રમતગમતના સાધનો અથવા અન્ય ખેલાડીઓની આંગળીથી આંખમાં થતી ઈજાથી સુરક્ષા મળતી નથી.

સૂર્યપ્રકાશથી યોગ્ય રક્ષણ

સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણો આંખને લગતી સમસ્યાઓનું કારણ બની શકે છે જેમ કે ફોટોકેરાટાઇટિસ - બળતરા અને નેત્રપટલ (કોર્નિયા)માં તીવ્ર દુખાવો - પિંગ્યુક્યુલા, ટેરીજિયમ અને મોતીબિંદુ. ખેલાડીઓ હેટ અને યુવી-બ્લોકિંગ સનગ્લાસ પહેરીને આ ઇજાઓને અટકાવી શકે છે.

ખેલાડીઓ છાંયડામાં રમીને અથવા સૂર્યની અસરોને ઓછી કરવા માટે તેમના પોતાના છાંયડો કરવાના સાધનો લાવીને સૂર્ય કિરણો સંબંધિત ઇજાઓથી પણ બચી શકે છે.

## ડાયાબિટીસ ધરાવતા લોકો માટે પગની સંભાળ

ડાયાબિટીસ ધરાવતા લોકોને પગની સમસ્યાઓ થવાનું જોખમ વધારે હોય છે, જે પગના અલ્સર અને અંગવિચ્છેદન (પગની આંગળીઓ કે અંગુઠો કપાવવી પડે) જેવી ગંભીર ગૂંચવણો તરફ દોરી શકે છે. લોહીમાં સુગરનું નબળું નિયંત્રણ, જ્ઞાનતંતુઓને નુકસાન અને શરીરમાં લોહીનું નબળું પરિભ્રમણ આ બધું ડાયાબિટીસ ધરાવતા લોકોમાં પગની સમસ્યાઓમાં ફાળો આપી શકે છે. તેથી, જો તમને ડાયાબિટીસ હોય તો નીચે આપ્યા મુજબ તમારા પગની સારી કાળજી લેવી જરૂરી છે.

દરરોજ તમારા પગનું નિરીક્ષણ કરો : પગમાં કોઈપણ કાપ, ચાંદા, ફોલ્લા અથવા લાલાશ તો નથી થઈ તે જોવા માટે દરરોજ તમારા પગનું નિરીક્ષણ કરો. જો તમને તમારા પગના તળિયાને જોવામાં તકલીફ પડતી હોય તો તેનું નિરીક્ષણ કરવા માટે અરીસાનો ઉપયોગ કરો. જો તમને કોઈ સમસ્યા જણાયતો તાત્કાલિક તબીબી સહાય લો.

દરરોજ તમારા પગ ધુઓ : દરરોજ તમારા પગ ગરમ પાણી અને હળવા સાબુથી ધોવા. ફૂગના ચેપને રોકવા માટે તમારા પગને ખાસ કરીને અંગૂઠા અને આંગળીઓની વચ્ચેના ભાગને સારી રીતે સૂકવો.

તમારા પગને મોઇશ્ચરાઇઝ કરો:પગમાં શુષ્કતા અને તિરાડને રોકવા માટે દરરોજ તમારા પગમાં મોઇશ્ચરાઇઝર લગાવો. પગના અંગૂઠા




તેમજ પગની આંગળીઓ વચ્ચે લોશન લગાવવાનું ટાળો કારણ કે તે ભેજવાળા વાતાવરણનું નિર્માણ કરી શકે છે જે ફૂગના ચેપ તરફ દોરી શકે છે.

તમારા પગના નખને કાળજીપૂર્વક કાપો : તમારા પગના નખને સીધા જ કાપો અને કોઈપણ અણીદાર કિનારીઓને નાના કાનસથી ઘસી નાખો. અંગૂઠાના નખને અંદરની તરફ વધતા રોકવા માટે તમારા પગના નખના ખૂણા કાપવાનું ટાળો.

યોગ્ય પગરખાં પહેરો : આરામદાયક પગરખાં પહેરો જે સારી રીતે ફિટ હોય અને પગને પૂરતો ટેકો આપે. મોજાં વગર સેન્ડલ, ફ્લિપ-ફ્લોપ અથવા શૂઝ પહેરવાનું ટાળો.

ઉઘાડા પગે ચાલવાનું ટાળો : પગમાં પડતા કાપા, ઉઝરડા અને ચેપથી બચવા માટે, ઘરની અંદર પણ, ખુલ્લા પગે ક્યારેય ચાલશો નહીં.

લોહીમાં સુગરની નિયમિત તપાસણી કરો : બ્લડ સુગરનું નબળું નિયંત્રણ જ્ઞાનતંત્રને નુકસાન પહોંચાડી શકે છે, જે તમારા પગની સંવેદનાને અસર કરી શકે છે. લોહીમાં સુગરના સ્તરની નિયમિત તપાસણી પગની સમસ્યાઓને રોકવામાં મદદ કરી શકે છે.

પોડિયાટ્રિસ્ટની સલાહ લો : પોડિયાટ્રિસ્ટ (પગના નિષ્ણાત)ની નિયમિત મુલાકાત, પગની સમસ્યાઓને રોકવામાં અને કોઈપણ સમસ્યાને વહેલી તકે શોધી કાઢવામાં મદદ કરી શકે છે.

નિષ્કર્ષમાં, પગની સંભાળ એ ડાયાબિટીસ મેનેજમેન્ટનું એક આવશ્યક પાસું છે. પગની નિયમિત સંભાળ પગની સમસ્યાઓ અને ગૂંચવણોને રોકવામાં મદદ કરી શકે છે. જો તમને ડાયાબિટીસ હોય, તો તમારા પગને સ્વસ્થ રાખવા માટે પગની સંભાળની આ ટીપ્સ અનુસરો અને જો તમને પગની કોઈ સમસ્યા જણાય તો તમારા ડાયાબિટીસના નિષ્ણાત ડોક્ટર અથવા પોડિયાટ્રિસ્ટની સલાહ લો.

।। રામ ।।

# ચોથી પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## શ્રીમતી નિર્મલાબેન

(સ્વર્ગવાસ: તા.૨૩-૦૬-૨૦૨૦)

તથા

## નાનજીભાઈ સુંદરજી સેજપાલ (ભીવંડીવાલા)

(સ્વર્ગવાસ: તા.૨૫-૦૭-૨૦૨૦)

કચ્છ ગામ નલિયા હાલે મુલુન્ડ

પરિવાર પ્રત્યે પ્રેમ રાખી ધર્મમય વારસાનું સિંચન કર્યું.
પરિવારને પ્રેમતાંતણે બાંધ્યા.
કુટુંબ વાત્સલ્ય, પરમમાં શ્રદ્ધા, સર્વ પ્રત્યે પ્રેમ, દયા,
કરૂણા અને બીજાને કાજે કંઈક કરી છૂટવાની
આપની ઉદાર ભાવના અમને પ્રેરણા આપ્યા કરશે.
અમને ગર્વ છે આપના પરિવાર હોવાનો


**સદૈવ આપને યાદ કરતાં આપના પરિવારજનો**

માતુશ્રી સ્વ. ચાગબાઈ સુંદરજી સેજપાલનો સમસ્ત પરિવાર
સ્વ. શાન્તાબેન - હેમરાજ સુંદરજી સેજપાલ પરિવાર
નંદાબેન - શરદરામ નાનજીભાઈ સેજપાલ, ક્રિષ્નાબેન - જયેશકુમાર નાનજીભાઈ સેજપાલ
મનીષાબેન - હર્ષદકુમાર ભગવાનદાસ ઠક્કર
નેહલબેન - વિરલકુમાર જીતેન્દ્રભાઈ જાની, શ્વેતાબેન - વિવેકકુમાર શરદરામ સેજપાલ,
મિતિકાબેન - રિદ્ધેશ જયેશકુમાર સેજપાલ, કુ. આહુતિ જયેશકુમાર સેજપાલ
કુ. મૈથીલી વિવેકકુમાર સેજપાલ, વરૂણ વિવેકકુમાર સેજપાલ
ચિંતન હર્ષદકુમાર ઠક્કર, શૌર્ય વિરલકુમાર જાની, હિધાન વિરલકુમાર જાની,

**સમસ્ત નાનજી સુંદરજી સેજપાલ (ભીવંડીવાલા) પરિવાર**

।। જય સિયારામ ।।

# મારા ડાયરીના થોડા પાનાં : વારકરી સંપ્રદાય




વારકરી સંપ્રદાય એ એક ભક્તોનો મેળો છે. પુ.લ.દેશપાંડે સાને ગુરૂજી માટે લખેલ શબ્દો મરાઠી મેગેઝિન સાધનામાં વાંચવા મળેલ હતાં. જે આનંદમાં રડી શકે છે. તે દુ:ખમાં પણ રડી શકે છે. પરંતુ જે દુ:ખમાં રડે છે તે આનંદને અનુભવી શકે છે, પણ રડી શકતો નથી. મહારાષ્ટ્ર તેની પરંપરામાં પંઢરપુરની પાલખી પદયાત્રામાં જેટલી વખત વિઠ્ઠલનું નામ લેવામાં આવે છે. એના કરતા દસ વખત વધુ જ્ઞાનબા તુકારામ નામ લેવામાં આવે છે.

સાને ગુરૂજીના જીવનના વ્યાકરણમાં 'મી' એટલે હું એ શબ્દો ન હતાં એને ઠેકાણે અમે એ ભાવનાથી જીવ્યા. તેના કારણે તેમનું આનંદ, ચૈતન્ય, તેમની કરૂણા, દયા અને તેમનું સાહિત્ય એ આપણા સૌનું બની ગયેલ છે. એમના વિચારોની વિશિષ્ટતા એટલે પુરૂષાર્થ સાથે બીજા માટે જગવાનું. બીજા માટે વિચાર કરવાનું બીજા માટે જીવવાનું એ એમની સંસ્કૃતિ હતી.

આ જગતમાં મને જીવવાનો હક છે. તેની સાથે હજારો અને કરોડો લોકોને જીવવાનો અધિકાર છે. એનો પ્રાધાન્ય પણે માન્ય કરવું. એ સંસ્કૃતિ છે. મારા મિત્ર સ્વર્ગવાસી આત્મારામભાઈ વ્યાસ અને સાને ગુરૂજી આઝાદી ચળવળમાં બન્ને જણ યરવડા જેલમાં કેદ હતાં. અમે સવારના ફેરવા જતાં હતાં ત્યારે આત્મારામભાઈ અમને સાને ગુરૂજી અને વારકરી સંપ્રદાય માટે કહેતા હતા. વારકરી ભક્તો ભજન કરતાં કરતાં વિઠોબાના દર્શન કરવામાં પંઢરપુર તરફ પગપાળા આગળ વધે છે.



વારકરી સંપ્રદાય ભક્તો એક સમાન હોય છે. એમને ઊંચ નીચની વ્યાખ્યા નથી હોતી. વારકરી સંપ્રદાયની દીંડી છે. આ દીંડીમાં લાખો લોકોમાં જોડાવાનું છે. શત વાસે સહુ લોકો સાથે જમીને ભક્તિ કરતાં કરતાં ત્યા રોકાણ કરે છે. વારકરી સંપ્રદાયના લોકો ગળામાં માળા પહરે છે. યાત્રા દરમ્યાન તેમના ચારિત્ર્યમાં કાયમ સ્થિર રહે છે. તે પોતાની કામનાઓને વશમાં રાખે છે અને તેની ઈચ્છા વિરૂધ્ધ સંસારમાં તેને કોઈ વસ્તુ ઉશ્કેરી શકતી નથી.

મન પર આ પ્રકારના સત્કાર્ય અને સુસંસ્કારોની સતત અસર પડે તો સત્કાર્ય કરવાની પ્રવૃત્તિ પ્રબળ બની જાય છે અને તેના ફળસ્વરૂપે આપણે ઈન્દ્રિયો કાબુમાં રાખવા સમર્થ બનીએ છીએ તથા આપણે સત્યને પામવાનો લાયક બનીએ છીએ.

આવી વ્યક્તિ જ હમેશા નિરાપદ રહે છે. તેનાથી કોઈનું ખરાબ થઈ શકતું જ નથી. આ શુભ સંસ્કારોથી સંપન્ન થવા કરતાં એક અન્ય વધુ ઊંચી અવસ્થા પણ છે. મુક્તિ લાભની ઈચ્છા વારકરી સંપ્રદાય દીંડી યોગનું ધ્યેય આત્માની મુક્તિ છે. મુક્તિનો અર્થ છે સંપૂર્ણ સ્વાધીનતા શુભ અને અશુભ બંને પ્રકારના બંધનોની મુક્તિ મેળવવી.

વારકરી વિચારએ છે તેની અસર આપણા શરીર પર ચોક્કસ અનુભવાય છે. જો તમે વિચારશો કે તમે થાકી ગયા છો. તો તરત જ તમારું શરીર થાકનો અનુભવ કરવા માંડશે. વારકરી ચાલી ચાલીને થાકી જાય છે તેની સેવામાં થોડા સ્વયં સેવકો તેના પગની ચંપી કરે છે.

કચ્છમાં જ્યારે લોકો માતાના દર્શન કરવા પગપાળા પ્રવાસ કરે છે. મારા ભાઈ લીલાધરભાઈ (અધા) ત્યારે ભોજાયની હૉસ્પિટલના સ્વંયસેવકો તેમની સંભાળ રાખવાની સ્વંય સ્વિકારી લે છે.

વારકરી લોકો વિચારના માધ્યમથી ઈશ્વરના સંપર્કના આવીએ છીએ ત્યારે આપણમાં આપો આપ વિઠોબાની ધૂનમાં વહેવા લાગીએ છીએ.

# મુંબઈમાં છ માસ દરમ્યાન વાહન રજિસ્ટ્રેશનમાં ૧૫ ટકાનો વધારો નોંધાયો

રસ્તાઓ પર વકરતી જતી ટ્રાફિક તેમ જ પાર્કિંગની સમસ્યા હોવા છતાં ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ૧લી જાન્યુઆરીથી, ૩૦મી જૂન સુધીમાં વાહનના રજિસ્ટ્રેશનમાં ૧૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ઈલેક્ટ્રિક વાહનો (ઈવીએસ)માં પણ આવી જ રીતે ૧૯ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ભલે પર્યાવરણમાં સુધારો લાવી રહ્યાં છે પણ ઈવીએસ વાહનોની સંખ્યા પણ રસ્તા પર મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે. જેને કારણે શહેરનો ટ્રાફિક વધુ ગીચ બની ગયો છે. શહેરમાં ગીચતાનું પ્રમાણ વધી રહ્યું હોવાને કારણે નિષ્ણાતોના મતે રાજ્ય સરકારે કારની માલિકીને તર્કસંગત બનાવવી જોઇએ. એક પરિવાર પાસે એક જ કાર અથવા વધુમાં વધુ બે કાર હોવી જોઇએ. આવું પગલું લેવાથી પ્રદૂષણ અને ટ્રાફિક હળવો બનશે.

આંકડાઓ મુજબ ૨૦૨૪માં મુંબઈમાં એકંદરે વાહનોની નોંધણી વધીને ૧.૩૬ લાખ થઇ ગઇ હતી, જે ૨૦૨૩માં ૧.૧૮ લાખ હતી, જે ૧૫ ટકાનો નોંધપાત્ર વધારો સૂચવે છે. મુંબઈમાં ઈવીએસ વાહનને અપનાવવામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. જાન્યુઆરી અને જૂન વચ્ચે કુલ ૬૦૧૮ ઈવીની નોંધણી થઇ હતી. મુંબઈમાં ઈવીની કુલ સંખ્યા હવે ૩૮૦૦૦ થઇ ગઇ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૧૯ ટકાનો વધારો નોંધાવે છે.



# भूमिपूजन

## *Invitation for Bhoomipujan Ceremony*

Dear Esteemed Lions Members & Guests,

We the office bearers & Directors of Lions Club of Mulund are delighted to invite you to the auspicious Bhoomipujan ceremony of school. This event marks a significant milestone in our journey towards providing quality education & nurturing young minds.

**Chief Guest**
**Lion Manish Ladage**
**(Dist. Governor 24-25)**

**Guest of Honour**
**Lion Hanuman Agarwal**
**(LCIF Area Leader)**

**Project Proposer And Chairman**
**Lion Batuk Shah**

JULY 28th 2024

10.30 AM onwards

**• Bus will start from the Pavilion at 8:00 AM Sharp. •**

**Venue :** Anudanit Ashram Shala,
Ravaty Cha Pada (Malodi) Kharbao, Bhiwandi, Thane

Your presence would be a source of great encouragement and blessing as we embark on this noble endeavor. Together, let us lay the foundation for a brighter future for adivasi children.

***Breakfast & Lunch Are Arranged At The Venue***

**RSVP : 74001 74334**

# હરહમેંશની જેમ વરસાદને લીધે મુલુંડમાં ઠેર ઠેર ખાડાઓનું સામ્રાજ્ય


એમ.જી.રોડ અને એસ.એલ.રોડ જંક્શન


એમ.જી.રોડ

ગત સપ્તાહથી વરસાદનું જોર વધયું છે તેની સાથોસાથ મુલુંડમા ઠેરઠેર ખાડાઓને લીધે ટ્રાફિક તેમજ જનજીવન પરેશાની ભોગવી રહ્યું છે. હર હમેંશ સુધરાઈ દાવાઓ કરે છે કે ખાડાઓની ફરિયાદ મળતાં વેંતજ ચોવીસ કલાકમાં ખાડા પૂરાઈ જશે પણ હકીકતમાં આવું મુલુંડમાં જોવા નથી મળી રહ્યું.

સેવારામ લાલવાણી રોડ, વિઠ્ઠલ નગર પરિસરમાં જલારામ મંદિર પાસે, મહાત્મા ગાંધી રોડ, સુભાષ રોડ પર કેનરા બેંક અને વિજય ડેરી સામે એમ.જી.રોડ, સોનાપુર સિગ્નલ, બાલરાજેશ્વર સિગ્નલ, વૈશાલી નગર તથા એસ.એલ.રોડ જંક્શન જેવા મહત્વના અને સતત ટ્રાફિક રહેતાં વિસ્તારો–રસ્તાઓ પર ખાડાઓને લીધે હાલાકી જોવા મળી રહે છે.


ગૌશાલા રોડ જલારામ મંદિર પાસે


એન.એસ.રોડ વિજય ડેરી પાસે તેમજ કેનેરા બેંક નજીક



## આ રસ્તામાં ખાડા છે કે ખાડામાં રસ્તા?

મુલુંડ વેસ્ટમાં સોનપુર જંક્શનથી તુલસી પાઈપલાઈન બ્રીજ સુધીનો રસ્તો ખાડાઓથી ભરચક છે. જેથી વાહનચાલકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. આ રસ્તાનું સમારકામ તાત્કાલિક કરવાની માગ લોકો કરી રહ્યા છે.






## ખૂલ્લી ગટરો બાબતે તંત્ર દ્વારા બેદરકારીની પરાકાષ્ઠા જોવા મળી


પહેલા


પછી

મુલુંડના એલબીએસ માર્ગ પર અર્ધ ખુલ્લું ગટરનું ઢાંકણું જીવલેણ અકસ્માત સર્જી શકે છે. એવી ફરિયાદ મુલુંડકરો સુધરાઈ પાસે સતત કરી રહ્યાં હતા તે છતાં કોઈ ઉકેલ થતો ન હોવાથી આખરે જનપ્રતિનિધિ ધારાસભ્ય મિહિર કોટેચાની મધ્યસ્થી પછી છેવટે આ સમસ્યા સતાવાળાઓ દ્વારા સૂલઝાવાઈ છે એ રાહત ભર્યા સમાચાર છે.

## SRAના ઘરો વેંચવા માટે હવેથી ઓનલાઈન NOC મળશે

એસઆરએ હેઠળના ઘરોને વેચવા હવે વધુ સહેલાં થઇ જશે. સરકારે એસઆરએનાં ઘરો વેચવા માટે ઓનલાઈન એનઓસી ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લીધો છે. હાઉસિંગ પ્રધાન અતુલ સાવેએ કહ્યું હતું કે એસઆરએ યોજના હેઠળ બનાવવામાં આવેલાં ઘરોની ખરીદી કે તેના વેચાણમાં આવતી અડચણોને દૂર કરવા માટે એનઓસી ઓનલાઈન કરવામાં આવશે. વિનંતી કર્યા બાદ સર્ટિફિકેટને ૪૫ દિવસમાં ઉપલબ્ધ કરવામાં આવશે. વિધાન પરિષદમાં પ્રશ્નોત્તરી સેશનના માધ્યમથી ભાજપના વિધાસભ્ય ભાઈ ગિરકરે આ મુદ્દો રજૂ કર્યો હતો. તેના જવાબમાં હાઉસિંગ પ્રધાને કહ્યું હતું કે એસઆરએ હેઠળ મળતાં ઘરોને વેચવા માટે અનેક શરતોમાં થોડી ઢીલ આપવામાં આવી છે. હવે એનઓસી સર્ટિફિકેટ ઓનલાઈન વિતરિત કરવાની પ્રક્રિયાને શરૂ કરી દેવામાં આવશે. આ સાથે જ ઘરમાં રહેતા પાત્ર વ્યક્તિનું જો મૃત્યુ થઇ જાય અને તેનો ઉત્તરાધિકારી સર્ટિફિકેટ રજૂ કરે તો તેને પણ એનઓસી આપવામાં આવશે.

# આરપી રોડ પર ગંદકીનું સામ્રાજ્ય



મુલુંડ વેસ્ટમાં સ્ટેશન પાસે, ગજાનન વડાપાવની સામે અંધેરી બસ સ્ટોપ વિસ્તારમાં સંપૂર્ણ રાજેન્દ્ર પ્રસાદ રોડ પર ગટરનું પાણી ઉભરાય છે, જેથી રોગચાળો ફેલાવાનું જોખમ છે. સ્થાનિકોએ બીએમસીને ટ્વીટર પર ફરિયાદ કરી છે પરંતુ હજી સુધી કોઈ કારવાઈ કરવામાં આવી નથી.

# ઘોડબંદર રોડની બિસ્માર અને જોખમી હાલત



ઘોડબંદર રોડને હજી ગયા મહીને જ રીપેર કરવામાં આવ્યો હતો તે છતાં આજે એની હાલત તસ્વીરોમાં જોઈ શકો છો.

શું સંબંધિત સત્તાવાળાઓ અહીં કોઈ જીવલેણ અકસ્માત થાય પછી જ તેનું સમારકામ કરવાની રાહ જોઈ રહ્યા છે?

# નીમકર સોસાયટી પાસે સ્વાસ્થ્ય માટે જોખમી કચરાના ઢગલાનું સામ્રાજ્ય



મુલુંડ વેસ્ટમાં નીમકર સોસાયટીના પાછળના ગેટ સામે અને સરદાર તારાસિંહ ગાર્ડન પાસે કચરાનું સામ્રાજ્ય છવાયેલું જોઈ શકાય છે. સ્થાનિક રહેવાસીઓ આ સ્વાસ્થ્ય માટે જોખમી કચરાને જલ્દી હટાવવા માટે બીએમસી સમક્ષ માગ કરી રહ્યા છે.

# શું બીએમસીના વાહનોને રોંગ સાઈડમાં વાહન ચલાવાની છૂટ છે?



બીએમસીનું એક વાહન લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ પર રોંગ સાઈડ પર હંકારી રહ્યું હોવાની તસ્વીર જોઈને પ્રશ્ન થાય કે આમ કોઈ જરૂરી બાબતને કારણે કરવામાં આવ્યું હશે કે હવે સરકારી વાહનોને એલબીએસ માર્ગ પર ગેરકાયદેસર રોંગ સાઈડ વાહન ચલાવવાની છૂટ છે?


NOW IN MULUND PANCH RASTA






• Chole Bhatura • Makkai Di Roti • Sarson Da Saag

Happy Hours 4 to 7 pm
- Chole Puri
- Rasiley Aloo Puri
- Papdi Chaat
- Samosa Chaat
- Tokri Chaat
- Chatpata Aloo Chaat
- Aloo Basket
- Cheese Cigar
- Punjabi Dahi Bhalle
- Cheese Loaded Chips
- Honey Potato
- Spring Rolls

Shop No. 2, B Wing, Balaji Accolade,
Near Panch Rasta, Mulund West.
Contact : 9137246721

B-12/13, Golden Willows, Vasant Garden,
Near Swapnanagari, Mulund (West),
Contact : 90822 02154

mannpunjabiofficial mannpunjabiofficial

A Speciality Vegetarian Cuisine
Mann Punjabi
"Authentic Punjabi Flavours"
Pure Veg!!
We Take Bulk & Party orders.
We serve Jain Food
Authentic North Indian Cuisine.
Catering Service also available
We are Available
zomato SWIGGY

# સર્વાંગી વિકાસનું લક્ષ્ય ધરાવતું ફૂલગુલાબી બજેટ... (૭મા પાનેથી ચાલુ)

આ સિવાય નવી ટેક્સ વ્યવસ્થામાં હવે ૫૦ હજાર રૂપિયાના બદલે ૭૫ હજાર રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન મળશે. ૭ લાખ રૂપિયા સુધીની આવક પર કરદાતા ઝીરો ટેક્સ મેળવી શકે છે.જો કે જૂની ટેક્સ વ્યવસ્થામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જૂની ટેક્સ વ્યવસ્થામાં રોકાણ, હેલ્થ ઇન્સ્યોરન્સ, બાળકોની શાળાની ફી અને ઘરના ભાડા ખર્ચ પર કર મુક્તિ મેળવીને૧૦ લાખ સુધીની આવક ટેક્સ ફ્રી કરાવી શકાય છે. જૂની ટેક્સ વ્યવસ્થામાં રોકાણ કરીને ૧.૫ લાખ પર ટેક્સ બચાવી શકશો: જો તમે EPF, PPF, ઇક્વિટી લિંક્ડ સેવિંગ્સ સ્કીમ, સુકન્યા સમૃદ્ધિ યોજના, નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ, ૫ વર્ષની FD, નેશનલ પેન્શન સિસ્ટમ અને સિનિયર સિટિઝન સેવિંગ સ્કીમમાં રોકાણ કરો છો, તો તમને ટેક્સમાં છૂટ મળશે. આ સર્વ યોજનાઓમાં વધુ ૧.૫ લાખ સુધીનું રોકાણ આમાંથી કોઈપણ એકમાં અથવા અનેક યોજનાઓના સંયોજનમાં કરવું પડશે. : જો તમે હોમ લોન લીધી છે, તો તમે તેના પર ચૂકવવામાં આવતા વ્યાજ પર ટેક્સ છૂટ મેળવી શકો છો. આવકવેરાની કલમ 24B હેઠળ, તમે એક નાણાકીય વર્ષમાં ૨ લાખ રૂપિયાના વ્યાજ પર ટેક્સ છૂટ મેળવી શકો છો. મેડિકલ પોલિસી પરનો ખર્ચ પણ ટેક્સ ફ્રી છે: સેક્શન 80D હેઠળ મેડિકલ પોલિસી લઈને તમે ૨૫,૦૦૦ રૂપિયા સુધીનો ટેક્સ બચાવી શકો છો. આ સ્વાસ્થ્ય વીમામાં તમારું નામ, તમારી પત્ની અને બાળકોના નામ હોવા જોઈએ. આ સિવાય, જો તમારા માતા-પિતા વરિષ્ઠ નાગરિકો છે, તો તમે તેમના નામ પર સ્વાસ્થ્ય વીમો ખરીદીને ૫૦,૦૦૦ રૂપિયા સુધીનું વધારાનું ડિસ્કાઉન્ટ મેળવી શકો છો.જો તમે નેશનલ પેન્શન સિસ્ટમ (NPS)માં વાર્ષિક રૂા. ૫૦,૦૦૦ સુધીનું અલગથી રોકાણ કરો છો, તો તમને કલમ 80CCD (1B) હેઠળ રૂા. ૫૦,૦૦૦ની વધારાની કરમુક્તિ મળશે.

**હવે આ બજેટને લીધે શું સસ્તું અને શું મોંઘુ થશે તે જોઈએ**

મોબાઈલ ફોન અને પાર્ટ્સ પર કસ્ટમ ડ્યૂટી ઘટાડવામાં આવી હોવાથી મોબાઈલ સસ્તા થશે. સોના અને ચાંદીના ઘરેણાં પર કસ્ટમ્સ ડ્યૂટી ઘટાડીને ૬% કરવામાં આવી છે તેથી સોનું-ચાંદી પણ સસ્તાં થશે. આ વખતે બજેટમાં સરકારે ૭ વસ્તુઓ પરની કસ્ટમ ડ્યૂટીમાં મોટાપાયે ઘટાડો કર્યો છે અને ૨ વસ્તુઓ પર ડ્યૂટી વધારી છે. જેના કારણે લગભગ ૭ પ્રોડક્ટ સસ્તી થઈ શકે છે અને ૨ પ્રોડક્ટ મોંઘી થઈ શકે છે. સસ્તા ઉત્પાદનોમાં મોબાઇલ ફોન અને સોના અને ચાંદીનો સમાવેશ થાય છે. તે જ સમયે, પ્લાસ્ટિક સંબંધિત ઉત્પાદનો મોંઘા થઈ શકે છે.જોકે, આ પ્રોડક્ટ્સ કેટલી સસ્તી કે મોંઘી હશે તે નિશ્ચિત નથી. સરકારે ૧ જુલાઈ, ૨૦૧૭ના રોજ દેશભરમાં જીએસટી લાગુ કર્યો, ત્યારબાદ બજેટમાં ફક્ત કસ્ટમ ડ્યુટીમાં વધારો અથવા ઘટાડો કરવામાં આવ્યો. ડ્યુટીમાં વધારો અને ઘટાડો માલના ભાવ પર પરોક્ષ અસર કરે છે.૯૦% ઉત્પાદનો જીએસટી હેઠળ છે, એનાથી સંબંધિત નિર્ણયો જીએસટી કાઉન્સિલ લે છે.

પહેલી નોકરીમાં ૧ લાખ રૂપિયાથી ઓછો પગાર હોવા પર, EPFOમાં પહેલીવાર રજિસ્ટ્રેશન કરનાર લોકોને ૧૫ હજાર રૂપિયાની મદદ ત્રણ હપ્તામાં મળશે. એજ્યુકેશન લોન માટે જે સરકારી યોજનાઓ હેઠળ કોઈ ફાયદો મળી રહ્યો નથી, તેમને દેશભરના સંસ્થાનોમાં એડમિશન માટે લોન મળશે. લોનના ૩ ટકા સુધી રૂપિયા સરકાર આપશે. તેના માટે ઈ વાઉચર લાવવામાં આવશે, જે દર વર્ષે



એક લાખ વિદ્યાર્થીઓને મળશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સંસદમાં બજેટ ૨૦૨૪-૨૫ રજૂ કરતા બિહાર અને આંધ્ર પ્રદેશ માટે મોટી જાહેરાતો કરી. મોદી સરકાર ૩.૦ના પ્રથમ બજેટ પહેલા બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાના કેન્દ્રના ઈનકાર બાદ રાજકારણ ગરમાયું હતું. બજેટ પહેલા બિહારને વિશેષ રાજ્યના દરજ્જો આપવાના સવાલ અંગે મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું પણ હતું કે, 'બધું ધીમે-ધીમે ખબર પડશે.' વાત એમ હતી કે, તેમની નજર બજેટ પર હતી. બીજી તરફ, નાણા મંત્રીએ પણ બજેટમાં બિહાર અને આંધ્ર પ્રદેશને નિરાશ ના કર્યા. કેમ નહીં, આખરે સરકાર તેમના જ ટેકાથી તો ચાલી રહી છે. બજેટમાં આંધ્ર પ્રદેશને ૧૫૫ હજાર કરોડ અને બિહારને ૪૧ હજાર કરોડ રૂપિયાની મદદ. બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્ર પ્રદેશ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે ખાસ સ્કીમ જાહેર કારવામાં આવી હતી. જો કે મહારાષ્ટ્ર માટે કોઈ ખાસ સ્કીમ જાહેર કરવામાં આવી નથી. નાણા મંત્રીએ તેમના બજેટ ભાષણમાં ઉત્તરપૂર્વીય રાજ્યોના સર્વાંગી વિકાસ માટે પૂર્વોદય યોજનાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને આંધ્ર પ્રદેશને પણ આવરી લેવાયા છે. નાણા મંત્રીએ કહ્યું કે 'આ યોજના હેઠળ માનવ સંસાધન, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થશે અને આર્થિક તકો ઉભી થશે. તેનાથી આ રાજ્યો વિકસિત ભારતના એન્જિન બનીને સામે આવશે. તેમણે કહ્યું કે, અમૃતસર-કોલકાતા ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર હેઠળ ઈન્ડસ્ટ્રિયલ લોડ ગયાનો વિકાસ કરવામાં આવશે. બજેટમાં પટણા-પૂર્ણિયા એક્સપ્રેસ વે, બક્સર-ભાગલપુર એક્સપ્રેસવે, બોધગયા-રાજગીર-વૈશાલી અને દરભંગા સ્પર્શની સાથે જ બક્સરમાં ગંગા નદી પર નવા બે-લેન પુલના નિર્માણની પણ જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટ્સ પાછળ ૨૬ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

બજેટમાં નાણામંત્રીએ ભાગલપુર જિલ્લામાં ૨૪૦૦ મેગા વોટના પાવર પ્લાન્ટ સહિત રૂ.૨૧,૪૦૦ કરોડના પાવર પ્રોજેક્ટ્સની પણ જાહેરાત કરી છે. આ ઉપરાંત નવા એરપોર્ટ, મેડિકલ કોલેજો અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ પણ કરાશે. આ સિવાય બિહાર સરકારના મલ્ટીલેટરલ ડેવલપમેન્ટ બેંકો પાસેથી મદદ માટેની વિનંતીમાં તેજી લાવવાની પણ સરકારે ખાતરી આપી છે. બજેટમાં ગયામાં વિષ્ણુપદ કોરિડોરના નિર્માણનું પણ જાહેરાત કર્યું છે. કેન્દ્ર સરકાર બહુપક્ષીય એજન્સીઓ દ્વારા વિશેષ નાણાકીય સહાય પૂરી પાડશે. સરકાર પોલાવરમ સિંચાઈ પ્રોજેક્ટને જલ્દી પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રોજેક્ટ આંધ્રપ્રદેશ અને તેના ખેડૂતો માટે લાઈફલાઈન છે. નાણામંત્રીએ વિશાખાપટ્ટનમ-ચેન્નઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર માટે સ્પેશિયલ પેકેજની પણ જાહેરાત કરી છે.

બજેટ રજૂ કરતાં નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે અમે ખેડૂતો પર ખાસ ફોકસ કરી રહ્યા છે. અમારો પ્રયત્ન છે કે ખેડૂતોની આવક વધે. આ ઉપરાંત દેશ પણ તમામ પાકોના મામલે આત્મનિર્ભર બને. તેમણે કહ્યું કે અમે પ્રાકૃતિક ખેતીને પણ પ્રોત્સાહન આપીશું. નાણામંત્રીએ કહ્યું કે પ્રાકૃતિક ખેતી પર સરકાર ભાર મૂકશે. તેમણે કહ્યું કે એક વર્ષમાં બે કરોડ ખેડૂતોને મદદ કરવામાં આવશે. મત્સ પાલન, કઠોળ અને તેલીબિયાં માટે મિશન ચલાવીશું. પાકોના સંગ્રહ અને માર્કેટિંગને મજબૂત કરીશું. કૃષિ ભૂમિ તથા ખેડૂતોનો રેકોર્ડ ડિજિટલ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. નાણામંત્રીએ ખેતી-ખેડૂતો માટે ૧.૫૨ લાખ કરોડ રૂપિયાનું બજેટ ફાળવણી કરવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે અમે ગ્રામીણ અર્થવ્યવસ્થા પર ભાર મૂકીશું. સ્થાનિક સ્તર રોજગારને પ્રાથમિકતા આપીશું. મુખ્ય ગ્રાહક કેન્દ્રોની નજીક શાકભાજી ઉત્પાદન ક્લસ્ટર બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે ઉચ્ચ ઉપજવાળા પાકને પ્રાથમિકતા આપીશું. આ ઉપરાંત તેલ ઉત્પાદનમાં દેશને આત્મનિર્ભર બનાવીશું. નાણામંત્રીએ કહ્યું કે અમે શાકભાજી ઉત્પાદન, પાકોના સંગ્રહ અને માર્કેટિંગની ચેનને મજબૂત બનાવવાનો પ્રયત્ન કરીશું. આ ઉપરાંત એવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવા પર ભાર મુકવામાં આવશે કે સિઝનમાં ફેરફાર થતાં પણ પાકનું ઉત્પાદન કરી શકાય. નાણામંત્રીનું કહેવું હતું કે પાકની ૩૨ જાતોને જાહેર કરવામાં આવશે. એક કરોડ ખેડૂતો માટે નેચરલ ફાર્મિંગની યોજના લાવીશું. તેમણે કહ્યું કે હવે અમારું ફોકસ તેના પર રહેશે કે કેવી રીતે કઠોળ, તેલીબિયાં અને મત્સ પાલનના મામલે દેશને આત્મનિર્ભર બનાવી શકાય. તેમણે કહ્યું કે અમારો પ્રયત્ન રહેશે કે ગ્રામીણ સ્તર પર રોજગારીનું સર્જન થાય.

નાણામંત્રીએ કિસાન ક્રેડિટ કાર્ડ પર મોટી જાહેરાત કરી છે. નિર્મલા સીતારમણે કહ્યું કે ૫ રાજ્યોમાં કિસાન ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવામાં આવશે. હવે વધુ પાંચ રાજ્યોમાં કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા મળશે. તેમણે કહ્યું કે કૃષિ સેક્ટરનો વિકાસ સરકારની પ્રથમ પ્રાથમિકતા છે. નેચરલ ફાર્મિંગ માટે ૧ કરોડ ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવશે.

બજેટમાં શિક્ષણ અને યુવાનોને રોજગારી મળે તે માટેના પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે. યુવાઓ માટેમુદ્રા લોનની રકમ ૧૦ લાખ રૂપિયાથી વધીને ૨૦ લાખ રૂપિયા કરવામાં છે. નિર્મલા સીતારમણ આ બજેટમાં એજ્યુકેશન સેકટર માટે મોટી જાહેરાત કરી છે. જેના કારણે લાખો વિદ્યાર્થીનોને લાભ મળશે. આ વખતે કરવામાં આવેલી મોટી જાહેરાતોમાં ડોમેસ્ટિક ઇન્સ્ટિટ્યુટમાં એડમિશન માટે ૧૦લાખ રૂપિયા સુધીની લોન આપવાની વાત કરવામાં આવી હતી અને કામના સ્થળે મહિલાઓની ભાગીદારી માટે વિશેષ વ્યવસ્થા કરવાની પણ વાત કરવામાં આવી હતી.કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ માં દર વર્ષે ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓની મદદ માટે મોડેલ સ્કીલ લોન યોજનામાં સુધારાનો પ્રસ્તાવ મૂકાયો છે. ઘરેલુ સંસ્થાનોમાં હાયર એજ્યુકેશન માટે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન માટે ઈ વાઉચર દર વર્ષે ૧ લાખ વિદ્યાર્થીઓને સીધી લોન રકમના ૩%ની વાર્ષિક વ્યાજ છૂટ માટે અપાશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં કહ્યું હતું કે સરકાર આગામી પાંચ વર્ષમાં ટોપ-૫૦૦ કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઇન્ટર્નશિપની તક આપશે. આ ઇન્ટર્નશિપ ૧૨ મહિના માટે હશે. આમાં, યુવાનોને વ્યવસાયના વાસ્તવિક વાતાવરણને જાણવાની અને વિવિધ વ્યવસાયોના પડકારોને જાણવાની તક મળશે. આ અંતર્ગત યુવાનોને દર મહિને ૫૦૦૦ રૂપિયાનું ભથ્થું પણ આપવામાં આવશે. આટલું જ નહીં, તેમને છ હજાર રૂપિયા એકમુશ્ત મદદ તરીકે આપવામાં આવશે. કંપનીઓએ તેમની કોર્પોરેટ સામાજિક જવાબદારીના ભાગરૂપે તાલીમ ખર્ચ અને ૧૦ ટકા ઇન્ટર્નશિપ ખર્ચ સહન કરવો પડશે.

સરકારે કહ્યું કે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નોકરીઓ વધશે. આ ક્ષેત્રમાં લગભગ ૩૦ લાખ નોકરીઓ આપવામાં આવશે. આ સાથે ઉમેદવારોને કુશળ બનાવવા નવા અભ્યાસક્રમો દાખલ કરવામાં આવશે અને જૂના અભ્યાસક્રમોમાં આજની જરૂરિયાત મુજબ ફેરફાર કરવામાં આવશે. આ ફેરફાર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને અપગ્રેડ કરીને કરવામાં આવશે. કાર્યસ્થળમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે પગલાં લેવામાં આવશે. જેમ કે, કંપનીઓ સાથે કામ કરતી મહિલાઓ માટે હોસ્ટેલ ખોલવામાં આવશે અને એવી નોકરીઓ બનાવવામાં આવશે જેમાં તેઓ મહત્તમ યોગદાન આપી શકે. આ ઉપરાંત મહિલાઓ અને છોકરીઓને લાભ આપતી યોજનાઓ માટે ૩ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

બજેટ દરમિયાન નાણામંત્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના લોન્ચ કરવામાં આવી છે. આ અંતર્ગત ૧ કરોડ લોકોના ઘરની છત પર સોલાર પેનલ લગાવવામાં આવી છે. આ ઘરોને દર મહિને ૩૦૦ યુનિટ સુધીની વીજળી મફત આપવામાં આવશે. જેના કારણે આ યોજનાને વેગ મળશે અને વધુને વધુ લોકોને સોલાર પેનલની મદદથી વીજળી પૂરી પાડવામાં આવશે.પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ૧-કિલોવોટ રૂફટોપ સોલર સિસ્ટમ ઈન્સ્ટોલ કરનાર વ્યક્તિને ૩૦,૦૦૦ રૂપિયાની સબસિડી આપવામાં આવશે. 2 kwની સિસ્ટમ ઇન્સ્ટોલ કરનારાઓ માટે નવી સબસિડી રૂા. ૬૦,૦૦૦ હશે, જ્યારે ૩ સઠ રૂફટોપ સોલાર સિસ્ટમ ઇન્સ્ટોલ કરનારાઓને રૂા.૭૮,૦૦૦ની સબસિડી મળશે. આ યોજનાનો લાભ એવા પરિવારોને મળશે જેમની વાર્ષિક આવક ૨ લાખ રૂપિયા અથવા તેનાથી ઓછી છે. જો કોઈ પરિવાર આ વીજળીનો સંપૂર્ણ ઉપયોગ કરી શકતું નથી, તો તેઓ આ વીજળી સરકારને વેચી શકશે.

# અનુશાસન (ભાગ-૨)


સંગિની સૌરભ
સંકલન - હિના પારેખ
મો.૯૯૬૭૪૫૯૫૧૫
– બીના કીર્તિ શાહ


પ્રથમ તીર્થંકર ઋષભદેવ પરમાત્મા હોય કે ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર... દરેકનું શાસન અનુશ જ ચાલતું આવ્યું છે. જિનશાસન ક્યારેય અનુશાસ ચાલે જ નહીં.

**અનુશાસન એટલે શું?**

અનુશાસન એટલે જે વ્યક્તિ જાગૃત હોય નિશ્રામાં રહીને સ્વયંની જાગૃતતા પ્રગટાવવી !!

જો મારી આંતરિક જાગૃતતા હોય કે કેવી રીતે મારે શું કરવું અને કઈ પરિસ્થિતિમાં મારા માટે શું ય તો એ મારા માટે મારૂં અનુશાસન કહેવાય પણ જો મારી જાગૃતતા કે એ પ્રકારની સૂઝબૂઝ ન હોય કે ક્યારે અને સ્થિતિમાં મારે શું કરવું જોઈએ તો મારે કોઈ પણ સત્ સદ્ગુરુ, પરમાત્મા કે સંતની નિશ્રામાં એમની આજ્ઞાનુ. મારૂં જીવન ગોઠવવું જોઈએ. એ સત્ વ્યક્તિને મારી અનુશાસક બનાવવી જોઈએ.

કર્તૃત્વભાવ અવગુણ છે. અનુશાસનવાળી વ્યક્તિ એમ કહેશે મારા ઉપવાસ કરવાના

ભાવમાં ગુરૂદેવની આજ્ઞા ભળી એટલે મારાથી ઉપવાસ થઈ ગમતી થઈ જાય એવા અનુશાસક સારા ??

ગયો. 'મેં કર્યો' અને 'મારાથી થઈ ગયો' બંનેના ભાવ અભિવ્યક્તિમાં ફરક છે.

તપસ્વીને તપનું અભિમાન ન આવે, દાનેશ્વરીને દાન આપ્યાનો અહમ્ ન આવે, સ્વાધ્યાયીને સ્વાધ્યાય કર્યાનો કર્તૃત્વ ભાવ ન આવે તે માટે જ અનુશાસનનું મહત્ત્વ વિશેષ જ્યાં આપણે આજ્ઞાને ગમતી કરીએ છીએ, ત્યાં તરત મોક્ષ હોય છે. જ્યાં ગમતી આજ્ઞાની ઈચ્છા રાખીએ છીએ ત્યાં હજુ સંસાર હોય છે. અનુશાસન વિના જિનશાસન ફળતું નથી. કેમકે અનુશાસન ઈચ્છાનું મૃત્યુ કરાવે છે.ધર્મની શરૂઆત પણ 'નમો' શબ્દથી જ થાય છે,

જિનશાસન અને અનુશાસનમાં ફરક શું હોય?

જિનશાસન ત્રિકાળવર્તી હોય, ત્રણે કાળ માટે હોય, જિનશાસન સર્વવર્તી હોય, સર્વ માટે હોય જ્યારે અનુશાસન વર્તમાનને અસર કરે, વર્તમાન માટે હોય. અનુશાસન વ્યક્તિગત હોય. જિનશાસન સર્વને પ્રેરણા આપે કે કેવી રીતે આત્માનું કલ્યાણ કરાય. કેવી રીતે આત્માની શુધ્ધિ કરાય અને કેવી રીતે સિધ્ધિ સુધી પહોંચાય. અનુશાસનમાં દરેક વ્યક્તિને એની યોગ્યતા અને પાત્રતા અનુસાર પ્રેરણા કરાય.

જિનશાસનમાં તીર્થંકર પરમાત્મા ઉપદેશ આપે જે સર્વોપરી હોય. સર્વને માટે હોય અને સર્વને લાગુ પડતો હોય. જ્યારે અનુશાસનમાં ગુરુ, આચાર્ય કે ઉપાધ્યાય આદેશ આપે અને એ એક માટે હોય.

આદેશની અનુપાલનાને અનુશાસન કહેવાય. એક હોય મલ્ટી વિટામીન અને એક હોય મેડીસીન. મલ્ટી વિટામીન કોમન હોય, કોઈને પણ ક્યારે પણ આપી શકાય. જ્યારે મેડીસીન વ્યક્તિગત, વ્યક્તિના રોગ અને તાસિર અનુસાર જ અપાય.

જિનશાસન મલ્ટી વિટામીન જેવું હોય જ્યારે અનુશાસન મેડીસીન જેવું હોય.

જિનશાસનમાં તીર્થંકર પરમાત્મા સર્વને ઉપકારી છે એવો ઉપદેશ આપે. એ ક્યારેય એમ ન કહે કે તારે માટે આ યોગ્ય છે અને તારે આ કરવું જોઈએ. તેઓ હંમેશાં જન સામાન્ય જ વાત કહે કે, આ કરવા યોગ્ય છે અને આ કરવું જોઈએ.

જ્યારે અનુશાસક એવા ગુરૂ કે આચાર્ય વ્યક્તિગત એના રસ અને રૂચિ પ્રમાણે આદેશ આપે, તે વ્યક્તિગત ઉપકારી હોય.

ભગવાન કહે છે, દુનિયામાં દસ પ્રકારની રૂચિવાળા જીવો હોય છે. કોઈને પ્રવચન ગમે તો કોઈને સ્વાધ્યાય, કોઈને જપ ગમે તો કાઈને તપ, કોઈને ભક્તિ ગમે તો કોઇને ગીત-સંગીત !! યથા રૂચિ તથા પ્રવૃત્તિ હોય.જેની જેમાં રૂચિ વધારે હોય, તે તેમાં એકટીવ વધારે હોય. કેટલાંકને તત્ત્વજ્ઞાનના ઊંડાણમાં રસ હોય તો કેટલાંકને તત્ત્વજ્ઞાનની વાતો સાંભળતાં જ ઊંઘ આવવા લાગે. કેટલાંકને લેખન કાર્ય ગમે તો કેટલાંકને વાંચન !રૂચિ અનુસાર વ્યક્તિની ગતિ હોય.તીર્થંકર પરમાત્મા મહાવીર જે ઉપદેશ આપે તે દસ રૂચિ પ્રમાણે આપે જ્યારે ગુરુ કે આચાર્ય જે આદેશ આપે તે તમારી રૂચિ જોઈને આપે, જેથી તમે તે દિશામાં વધુ પ્રગતિ કરી શકો.

જે વ્યક્તિ તમારી રૂચિને જાણતા હોય અને તમારી રૂચિ પ્રમાણે પ્રકૃતિને ખીલવતા હોય તે જ તમારા ગુરૂ કે આચાર્ય હોય, તે જ તમારા અનુશાસક હોય.

જિનશાસનનું પાલન સહેલું અને સહજ હોય છે. અનુશાસનનું પાલન આકરૂં અને અઘરૂં હોય છે.

જિનશાસનમાં વ્યક્તિગત તમને કાંઈ કહેવાના નથી. ક્યાંય અટકાવવાના નથી, જ્યારે અનુશાસનમાં ગુરૂ કે આચાર્ય તમને આકરી આજ્ઞા પણ આપે છે અને ખોટા માર્ગે જતાં અટકાવે પણ છે. જિનશાસન તમને આંગળી ચીંધે છે, તમને રાહ બતાવે છે. જ્યારે અનુશાસક તમારી આંગળી પ્રતિ પકડે છે અને તમને એ રાહ પર લઈ જાય છે.

જ્યારે આચાર્ય કે ગુરુના અનુશાસનમાં રહેનારી વ્યક્તિમાં સુધારો અને પરિવર્તન બંને નિશ્ચિત આવે જ !માટે જ, ભગવાને કહ્યું છે,

ગુરુ બન્યા વગર અનંતા જીવો મોક્ષમાં ગયાં પણ ગુરુ બનાવ્યા વિના એક પણ જીવ મોક્ષમાં જઈ ન શકે'.આંતરિક પરિવર્તન અરિહંતથી નહીં, આચાર્યથી કરવું આવે. અનુશાસન વિના જિનશાસન મળે ખરૂં પણ ફળે નહીં. અનુશાસન વિના એટલે કે પોતાની ઈચ્છાથી આરાધના કરવી એનો મતલબ આરાધના રૂપી ખીરના તપેલામાં ઈચ્છા રૂપી ઝેરનું ટીપું નાંખવું. ઈચ્છાથી કરેલી આરાધનામાં કર્તૃત્વ ભાવ આવે છે જે અંતે આરાધકને વિરાધક બનાવે છે.

વિરાધક બનવું એટલે જિનશાસનથી દૂર થવું. જે વિરાધક બને છે તેને ભવિષ્યમાં જિનશાસન મળતું નથી.ભગવાને ક્યારેય કહ્યું નથી કે સામાયિક મારો ધર્મ છે, પ્રતિક્રમણ મારો ધર્મ છે કે ઉપવાસ અને અહિંસા મારા ધર્મ છે. ભગવાન જાણતા હતાં કે આજ્ઞા વિનાની આરાધના વ્યક્તિની ઈચ્છા અને અહમને પોષનારા બનશે એટલે જ ભગવાને જિનશાસનનું મહત્ત્વ વધારવા કહ્યું કે, 'આજ્ઞા એ મારો ધર્મ છે.'

## ગેરકાયદેસર ફેરિયાઓની સમસ્યા ઉકેલવા સતાવાળાઓ લાચાર : હાઈકોર્ટે બરાબરના ઝાટક્યા

બોમ્બે હાઈ કોર્ટે સોમવારે પોલીસ અને નાગરિક સત્તાવાળાઓની ગેરકાયદે ફેરિયાઓની સમસ્યાનો ઉકેલ શોધવામાં અસમર્થતા બદલ આકરી ઝાટકણી કાઢી હતી અને પૂછ્યું હતું કે શું ફેરિયાઓને હવે શું મંત્રાલય કે ગવર્નર હાઉસની બહાર સ્ટોલ લગાડવાની મંજૂરી આપવામાં આવશે?

જસ્ટિસ એમ એસ સોના અને કમલ ખાટાની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે ગેરકાયદેસર ફેરિયાઓની સમસ્યાનો કાયમી ઉકેલ જરૂરી છે અને સત્તાવાળાઓ લાચાર હોવાનો દાવો ન કરી શકે. કોર્ટે એ હકીકત પર પણ દુઃખ વ્યક્ત કર્યો કે નાગરિક સંસ્થાઓ અને પોલીસ સત્તાવાળાઓ ગેરકાયદે અને અનધિકૃત ફેરિયાઓ સામે નાગરિકોની ફરિયાદો છતાં કોઈ પગલાં લેતા નથી. ગયા વર્ષે, હાઈ કોર્ટે શહેરમાં ગેરકાયદેસર અને અનધિકૃત ફેરિયાઓના મુદ્દા પર સુઓ મોટો સંજ્ઞાન લીધું હતું.

ગત માસે કોર્ટે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસને ગેરકાયદે ફેરિયાઓ સામેની તેમની કાર્યવાહી અને સમસ્યાને રોકવા માટેના પગલાં વિશે વિગતવાર સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સોમવારે, બીએમસીના વકીલ અનિલ સિંહ અને પોલીસ તરફથી સરકારી વકીલ પૂર્ણિમા કંથારિયાએ, તેમની એફિડેવિટ દાખલ કરવા માટે વધુ સમય માંગ્યો હતો. આનાથી નારાજ થઈને, બેન્ચે કહ્યું કે આ એક ગંભીર બાબત છે અને જો સત્તાવાળાઓ કોર્ટના આદેશોનું પાલન ન કરી શકતા હોય, તો કોર્ટને બંધ કરી દેવી જોઈએ. કોર્ટે એક સપ્તાહની અંદર એફિડેવિટ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો અને આ મામલાની વધુ સુનાવણી ૩૦ જુલાઈના રોજ મુલતવી રાખી હતી.

## ખાડાઓ પર કોઈ કાર્યવાહી ન કરવા બદલ સુધરાઈએ ૧૩ સબ-એન્જિનિયર્સને નોટિસ ફટકારી

મહાનગર પાલિકાએ છેલ્લાં પખવાડિયામાં નાહુરના સબ-એન્જિનિયર સહિત ૧૩ સબ એન્જિનિયરોને ખાડાઓ કાર્યવાહી ન કરવા બદલ કારણદર્શક નોટિસ જારી કરી છે. આ સબ એન્જિનિયરો નાહુર, જોગેશ્વરી, વિક્રોલી, લિંક રોડ અને ભાંડુપના રસ્તાઓનો હવાલો સંભાળે છે અને તેને મોનિટર કરવાની તેમની જવાબદારી છે. મુંબઈમાં ૨૦૦૦ કિમી.ના રસ્તાઓ માટે મનપાએ ૨૨૭ સબ એન્જિનિયર્સની નિમણૂંક કરી છે. દરેક પાસે મોનિટર કરવા માટે ૯ કિમી.નું નેટવર્ક છે. મનપા અધિકારીના જણાવ્યા મુજબ આ સબ એન્જિનિયર્સની નિમણૂંક ફક્ત રસ્તાઓ પર દેખરેખ રાખવા માટે અને ખાસ મોનસૂનમાં ખાડાની સમસ્યાનો ઉકેલ લાવવા માટે કરવામાં આવી છે. જો ખાડાઓ સમયસર પૂરી દેવામાં આવે તો સમસ્યા વધતી નથી. મનપાએ બે એક્સપ્રેસ હાઈવે પર ખાડાઓ ભરવા ૨૫૦ કરોડના અલગ ટેન્ડરો ઈશ્યુ કર્યા છે. આ અંગે નાગરિકોનું કહેવું છે કે દર વર્ષે કરદાતાઓને સારા રસ્તા તો આપવામાં આવતા નથી તેને બદલે માત્ર ખાડાઓ ભરવાનું બજેટ વધતું જાય છે.


## રક્ષાબંધન પર્વ નિમિત્તે વિવિધ કપ કેક અને ચોકલેટનો ઓનલાઈન વર્કશોપ




શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ સેન્ટ્રલ ઝોન અને રઘુ સાથી સેના પ્રસ્તુત રક્ષાબંધન પર્વ સ્પેશિયલ વિવિધ પ્રકારની કપ કેક અને ચોકલેટ વૈવિધ્યતા મેકીંગ ઓનલાઈન વર્કશોપ તા.૨૭ જુલાઈ શનિવાર સાંજે ૪ થી ૬ દરમ્યાન પલક કેતન ઠક્કર દ્વારા યોજાશે.

આ આયોજન મહાપરિષદ ટ્રસ્ટી અને મહિલા અધ્યક્ષા રશ્મિબેન વિઠલાણી, મુંબઈ સહ મહારાષ્ટ્રના મહિલા અધ્યક્ષા જ્યોતિબેન ઠક્કર, સેન્ટ્રલ ઝોન મહિલા અધ્યક્ષા અને રઘુ સાથી સેનાના ફાઉન્ડર પ્રેસિડન્ટ દેવ્યાની રાજેશ ઠક્કર, રઘુ સાથી સેનાના ફાઉન્ડર પ્રેસિડન્ટ ચંદ્રેશ જેઠાલાલ મજેઠિયા અને રઘુ સાથી સેના પ્રેસિડન્ટ હીરાલાલભાઈ મૂળજી મૃગના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહ્યો છે. વધુ વિગત માટે સંપર્ક : ૯૮૨૦૬૩૨૮૪૨.

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**


Right To Walk
मुलुंड की स्थिति
हमारा दृष्टिकोण
टूटे हुए फुटपाथ
अच्छे और बेहतर फुटपाथ
छोटे फुटपाथ
चौड़े फुटपाथ
गलत जगह बस स्टॉप
सही सुविधाएं
खतरनाक क्रॉसिंग
सुरक्षित चौराहे
अधिक जानकारी के लिए या linktr.ee/sunilgangwanii
एक कदम हमारे साथ, एक कदम मुलुंड के लिए!
INITIATIVE FOR MULUND By SUNIL GANGWANI
@SUNILGANGWANII @SUNILGANGWANI_